dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue - 312 | AD - 2026, Shravan Sud -06 | Tuesday, Dt. 18-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## બિહારમાં સર્જાયેલી દુર્ઘટના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ શોક વ્યકત કર્યો

# લખીસરાયમાં અશોક ધામ મંદિરમાં ભાગદોડ થતા ૭ મહિલા શ્રધ્ધાળુઓના મોત

લખીસરાય,તા.૧૭

બિહારના લખીસરાયમાં આવેલા ઐતિહાસિક અશોક ધામ (ઈન્દ્રદમણેશ્વર મહાદેવ) મંદિર ખાતે સોમવારે સવારે એક અત્યંત દુઃખદ ઘટના ઘટી છે. શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે શિવલિંગ પર જલાભિષેક કરવા માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. આ દરમિયાન અચાનક મચેલી ભાગદોડમાં ૭ મહિલા શ્રધ્ધાળુઓના મોત થયા છે અને ૧૪થી વધુ ભક્તો ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ અકસ્માત સવારે આશરે ૬:૪૫ વાગ્યે થયો હતો. શ્રાવણી સોમવાર હોવાથી સવારથી જ શ્રધ્ધાળુઓની ૬ કિલોમીટર લાંબી લાઈન લાગી હતી. એ જ સમયે અશોક ધામ રેલ્વે હાલ્ટ પર બે ટ્રેનો એકસાથે આવી પહોંચતા મંદિરમાં શ્રધ્ધાળુઓનો મોટો જમાવડો થયો હતો. ભીડના અતિશય દબાણને કારણે બહાર લગાવવામાં આવેલા વાંસના બેરિકેડ્સ તૂટી પડ્યા અને નજીકનો વીજળીનો થાંભલો નીચે નમી ગયો હતો. થાંભલો પડતાની સાથે જ 'વીજ કરંટ ફેલાયો છે' તેવી અફવા ફેલાઈ ગઈ હતી. વાસ્તવમાં તે સમયે વીજ પુરવઠો બંધ હતો, પરંતુ અફવાના કારણે ગભરાટ ફેલાતાં લોકો આમતેમ દોડવા



લાગ્યા અને એકબીજા પર પડતા ગયા, જેમાં મુખ્યત્વે મહિલા ભક્તો અડફેટે આવી ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ જિલ્લા મેજિસ્ટ્રેટ શૈલેન્દ્ર કુમાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. સ્થાનિક લોકો અને વહીવટીતંત્રે મળીને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલોને તાત્કાલિક સ્થાનિક સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વહીવટીતંત્રે ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. વર્ષ ૧૯૭૭માં શોધાયેલા પાલ કાળના વિશાળ શિવલિંગ ધરાવતા આ ઐતિહાસિક અશોક ધામ મંદિરની દુર્ઘટના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારે ઊંડો શોક વ્યક્ત કર્યો છે. બિહાર સરકાર દ્વારા મૃતકોના પરિવારો માટે રૂ. ૪ લાખની આર્થિક સહાય અને ઘાયલોને મફત સારવાર આપવાની જાહેરાત કરવામાં આવી છે.




# પં. બંગાળના બીરભૂમની હોટલમાં ભીષણ આગ લાગતા ૭ લોકો ભડથૂ

કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના પ્રસિધ્ધ તારાપીઠ મંદિર નજીક આવેલી ચાર માળની હોટલમાં સોમવારે વહેલી સવારે ૪:૦૦ થી ૫:૦૦ વાગ્યાની વચ્ચે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દર્દનાક દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૭ શ્રધ્ધાળુઓના મોત થયા છે અને ૧૧થી વધુ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.AC માં શોર્ટ સર્કિટ અને અફરાતફરી પ્રાથમિક માહિતી અનુસાર, હોટલના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા રિસેપ્શનના એસી (AC) માં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. તે સમયે હોટલમાં રોકાયેલા મોટાભાગના યાત્રાળુઓ ગાઢ નિંદ્રામાં હતા. ફાયર સિસ્ટમ હોવા છતાં સમયસર અલાર્મ ન વાગતાં આગે ઝડપથી વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. આખી હોટલ કાળા ધુમાડાથી ભરાઈ જતાં શ્વાસ રૂંધાવાથી અને આગમાં હોમાઈ જવાથી ૭ લોકોએ જીવ ગુમાવ્યો હતો. રેસ્ક્યૂ ઓપરેશન અને તપાસ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે સીડીઓની મદદથી ૨૨ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. ઘાયલોને તાત્કાલિક રામપુરહાટ સરકારી મેડિકલ કોલેજમાં ખસેડવામાં આવ્યા છે. બીરભૂમના પોલીસ અધિક્ષક વિદિત રાજ ભૂંડેશે જણાવ્યા અનુસાર, ઘટના બાદ એફઆઈઆર (FIR) નોંધીને હોટલ સંચાલકની અટકાયત કરવામાં આવી છે અને આગળની કાનૂની પૂછપરછ ચાલી રહી છે.

# રામ મંદિર દાન ચોરી કેસ મામલે જાહેર સ્ટેટસ રિપોર્ટની માંગ ફગાવી, સુપ્રીમ કોર્ટે સૂચનો માંગ્યા

નવી દિલ્હી,તા.૧૭

અયોધ્યાના શ્રી રામ જાનકી મંદિરના દાનમાં ચોરી અને નાણાકીય અનિયમિતતાના કેસમાં સુપ્રીમ કોર્ટે સોમવારે મહત્વપૂર્ણ સુનાવણી કરી હતી. વિશેષ તપાસ ટીમ (SIT) દ્વારા રજૂ કરવામાં આવેલો સ્ટેટસ રિપોર્ટ સીલબંદ પરબિડીયામાં સ્વીકારીને કોર્ટે તેને હાલ જાહેર કરવાની અરજદારોની માંગ ફગાવી દીધી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની ખંડપીઠે જણાવ્યું કે SIT રિપોર્ટનો અભ્યાસ પ્રથમ કોર્ટ કરશે. કોર્ટે તમામ અરજદારોને તપાસને વધુ પારદર્શક બનાવવા માટે



સોલિસિટર જનરલ મારફતે સૂચનો મોકલવાની છૂટ આપી છે. ટ્રસ્ટના નાણાકીય વ્યવહારો માટે ફોરેન્સિક ઓડિટર ધરાવતી SIT ની રચના કરાઈ છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તપાસ પૂર્ણ થયા બાદ દાન વ્યવસ્થાપનમાં સુધારા માટે જરૂરી દિશાનિર્દેશો જારી કરાશે.

## ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી, ફોન નં. ૦૨૭૯૨-૨૨૧૪૦૧
ઈ-મેઈલ : ho@ajms.bank.in વેબસબઈટ : www.ajma.bank.in

અજીમસ બેંક/એસ્ટા/ ૧૮૦૩૪/૨૦૨૬-૨૭ તા. ૧૭/૦૮/૨૦૨૬

### સૂચનાપત્ર

ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૬ મી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૦૯/૦૯/૨૦૨૬ ને બુધવારના રોજ સવારના ૦૯:૩૦ કલાકે, અમરદાણ ફેકટરી સામે. CENTRE OF EACELLENCE, (ET/IVF) લેબ, ધારી રોડ, અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.

:: એજન્ડા ::

૧. ગત તા.૨૧/૦૯/૨૦૨૫ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ (પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના તા. ૩૧/૦૩/૨૦૨૬ આખરના બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજુર રાખેલ નફા-નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના સને ૨૦૨૫-૨૦૨૬ ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેક્ટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના સને ૨૦૨૪-૨૦૨૫ના નાણાકીય વર્ષના કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના સને.૨૦૨૫-૨૦૨૬ ના નાણાકીય વર્ષના હિસાબોનુ સ્ટેચ્યુટરી ઓડીટ માણેક પારેખ ખીરૈયા એન્ડ એસોસીએટસ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ), રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassurance Pvt. Ltd. Surat તરફથી સને.૨૦૨૫-૨૦૨૬ ના નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassurance Pvt.Ltd.Surat તરફથી સને ૨૦૨૫-૨૦૨૬ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Reprot નો ઓડીટ રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassurance Pvt.Ltd.Surat તરફથી સને. ૨૦૨૫-૨૦૨૬ ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેક્ટ્રોનીક ડેટા પ્રોસેસીંગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદી જુદી કમીટીઓ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત..
૧૦. બેકની તા.૦૭/૦૫/૨૦૨૬ ની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગનાં ઠરાવ નં.૧૪૯ થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.
૧૧. બેંકના માન્ય ઓડીટર શ્રી એચ. કે. આર. એન્ડ કું, નવસારી દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધીનું કરેલ ત્રિમાસીક કનકરંટ ઓડીટનો રીપોર્ટસ અને તેને લગત દુરસ્તી રીપોર્ટસ વંચાણે લેવા બાબત.
૧૨. શ્રી ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંક લી. અમદાવાદ દ્વારા બેંકના સને. ૨૦૨૪-૨૦૨૫ ના નાણાકીય વર્ષના કરવામાં આવેલ ઈન્સપેક્શન અન્વયેનો ઈન્સ્પેક્શન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૧૩. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખસ્થાનેથી અન્ય જે કાંઈ રજુ થાય તે.

-: નોંધ :-

(૧) બેંકના વ્યક્તિ સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૦૦ કલાકે મળશે જેમાં તમામ વ્યક્તિ સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.
(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરી બેકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.
(૩) સને. ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.
: બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે. :

સ્થળ :- હેડ ઓફીસ, અમરેલી.
તારીખઃ- ૧૭/૦૮/૨૦૨૬

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
(બી. એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ધી એ.જી.મ.સ.બેંક લી. અમરેલી.


# અપ્રમાણસર સંપત્તિ કેસ મામલે રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત



નવી દિલ્હી,તા.૧૭

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા સીબીઆઈ (CBI) અને ઈડી (ED) ને રાહુલ ગાંધી સામેના અપ્રમાણસર સંપત્તિના આરોપોની તપાસ કરવાના આદેશ પર આગામી આદેશ સુધી સ્ટે આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેન્ચે જણાવ્યું કે હાઈકોર્ટે પ્રથમ દૃષ્ટિએ કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે. આ સાથે કોર્ટે બંને તપાસ એજન્સીઓને કોઈ પણ રિપોર્ટ રજૂ કરવાથી રોક્યા છે. કર્ણાટક ભાજપના કાર્યકર વિગ્નેશ શિશિરની ફરિયાદ પર અલ્હાબાદ હાઈકોર્ટે તપાસનો આદેશ આપ્યો હતો. રાહુલ ગાંધીએ હાઈકોર્ટના આદેશને પડકારવા ઉપરાંત કેસને દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની માગ કરી છે, જે અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી છે.



રાજયમંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા, મહેશ કસવાળા, રેલ અધિકારી સહિતનાઓની હાજરીમાં

# ચિતલ પહોંચેલી વંદે ભારતનું ભવ્ય સ્વાગત કરાયું










અમરેલી,તા.૧૭

અમદાવાદ-વેરાવળ વચ્ચે દોડતી વંદે ભારત ટ્રેનને અમરેલી જિલ્લાના ચિતલ રેલવે સ્ટેશન પર સ્ટોપ મળતા અમરેલી જિલ્લાવાસીઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી. આજે પ્રથમ વખત વંદે ભારત ટ્રેન ચિતલ રેલવે સ્ટેશન પર પહોંચી હતી. ટ્રેનના આગમન સમયે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને ઉત્સાહભેર ટ્રેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઊર્જા પ્રધાન કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરિયા, મહેશ કસવાળા સહિતના આગેવાનો અને રેલવે વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી આગળ પ્રસ્થાન કરાવવામાં આવી હતી.અમરેલી જિલ્લામાં વંદે ભારત ટ્રેનને સ્ટોપ મળે તે માટે છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકાર અને રેલવે વિભાગ સમક્ષ વિવિધ રજૂઆતો કરવામાં આવી રહી હતી. અમરેલી જિલ્લાના લોકોની લાંબા સમયથી ચાલી રહેલી માંગણી સંતોષાતા ચિતલ રેલવે સ્ટેશનને વંદે ભારત ટ્રેનનો સ્ટોપ મળ્યો છે. આ પ્રસંગે રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વંદે ભારત દેશની આધુનિક અને સેમી-સુપરફાસ્ટ ટ્રેન તરીકે ઓળખાય છે.

આ ટ્રેનમાં મુસાફરો માટે અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ટ્રેનમાં સીસીટીવી કેમેરા સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ હોવાથી મુસાફરોને સુરક્ષિત અને આરામદાયક મુસાફરીનો અનુભવ મળી રહે છે. ચિતલ રેલવે સ્ટેશન પર વંદે ભારતનો સ્ટોપ મળવાથી અમરેલી પંથકના લોકોને અમદાવાદ જેવા મોટા શહેર તરફ જવા માટે ઝડપી અને સુવિધાજનક મુસાફરીનો વિકલ્પ મળ્યો છે.

ચિતલ ખાતે વંદે ભારત ટ્રેનના સ્ટોપથી અમરેલી જિલ્લાના રેલવે કનેક્ટિવિટીમાં પણ વધારો થશે. ખાસ કરીને વેપારીઓ, ધંધાકીય કામકાજ માટે અમદાવાદ જતા લોકો, વિદ્યાર્થીઓ, યુવાનો તેમજ અન્ય મુસાફરોને તેનો સીધો લાભ મળશે. આ ટ્રેનના માધ્યમથી અમદાવાદ અને સોમનાથ તરફ પ્રવાસ કરવો વધુ સરળ બનશે. સાથે જ ચિતલ જેવા નાના ગામનું રેલવેની દ્રષ્ટિએ મહત્વ પણ વધશે અને સ્થાનિક વિસ્તારમાં મુસાફરોની અવરજવર વધવાની શક્યતા છે. વંદે ભારત ટ્રેનના પ્રથમ આગમન પ્રસંગે ચિતલ રેલવે સ્ટેશન પર મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. ટ્રેનનું સ્વાગત કરવા માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મુસાફરોએ જણાવ્યું હતું કે, વંદે ભારત ટ્રેન શરૂ થવાથી અમરેલી જિલ્લાના મુસાફરોને ઘણો ફાયદો થશે. આધુનિક યુગમાં વંદે ભારત જેવી સુવિધા મળવી એ મહત્વપૂર્ણ પગલું છે. શ્રાવણ માસના પ્રથમ સોમવારે ચિતલ રેલવે સ્ટેશન પર વંદે ભારત ટ્રેનનું આગમન થવાથી સમગ્ર અમરેલી જિલ્લાને લાભ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ચિતલને મળેલા આ નવા સ્ટોપથી અમરેલી જિલ્લાના રેલવે પરિવહનને નવી દિશા મળવાની સાથે મુસાફરોને ઝડપી, આધુનિક અને આરામદાયક મુસાફરીની સુવિધા ઉપલબ્ધ બનશે.

**અમરેલી જિલ્લાના મુસાફરોને અમદાવાદ અને સોમનાથ જવા મળશે વધુ સુવિધા**

### ટ્રેનનું સમયપત્રક આ રીતે રહેશે

ટ્રેન નંબર ૨૬૯૦૧ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ગુરુવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ દોડશે. આ ટ્રેન સાબરમતીથી ૦૬:૦૦ કલાકે ઉપડી ૧૨:૫૦ કલાકે વેરાવળ પહોંચશે. જે ગાંધીગ્રામ: ૦૬:૧૬ કલાકે, ધોળકા: ૦૬:૫૦ કલાકે, ધંધુકા: ૦૭:૩૫ કલાકે, બોટાદ: ૦૮:૨૦ કલાકે, ધોળા: ૦૮:૪૮ કલાકે, ઢસા: ૦૯:૧૭ કલાકે, ચિતલ: ૦૯:૪૩ કલાકે, જૂનાગઢ: ૧૧:૦૦ કલાકે પહોંચશે.જે વળતા આ ટ્રેન વેરાવળથી ૧૫:૫૦ કલાકે ઉપડી ૨૨:૨૫ કલાકે સાબરમતી પહોંચશે. જેમાં જૂનાગઢ: ૧૬:૪૮ કલાકે, ચિતલ: ૧૮:૦૪ કલાકે, ઢસા: ૧૮:૨૮ કલાકે, ધોળા: ૧૮:૫૦ કલાકે, બોટાદ: ૧૯:૩૦ કલાકે, ધંધુકા: ૨૦:૧૦ કલાકે, ધોળકા: ૨૧:૦૦ કલાકે, ગાંધીગ્રામ: ૨૧:૫૦ કલાક પહોંચશે.

## રાજુલાના અગ્રણી કનુભાઈ મહેતાના જન્મદિને મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરમાં મશીનની ભેટ

રાજુલા, તા.૧૭

રાજુલાના મહેતા મોલના માલિક કનુભાઈ મહેતાના જન્મદિવસ નિમિત્તે મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરમાં ફીઝિયોથેરાપી માટેનું એક મશીન ભેટમાં આપવામાં આવ્યું હતું. આ તકે ફીઝિયોથેરાપીસ્ટ ડો. ધ્વનીબેન તેરૈયાએ જણાવ્યું કે, આ મશીનની જે ટેકનોલોજી છે તે ભારતમાં માત્ર છેલ્લા પાંચ મહિનાથી જ આવી છે, જે દર્દીને શરીરમાં સળીયો કે પ્લેટ જેવું બેસાડ્યું હોય તેવા દર્દીઓને


તસવીર : ગોપાલ રાઠોડ

તેનાથી દુખાવામાં રાહત મળે છે. ઉલ્લેખનીય છે કે મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર એ એક નિશુલ્ક હોસ્પિટલ છે જ્યાં એક્સ-રે, લેબોરેટરીના રિપોર્ટ્સ, ઓપીડી, દવા અને દર્દીઓને જમવાની સુવિધા પણ નિશુલ્ક આપવામાં આવે છે.

## વડિયા પોલીસે હિસ્ટ્રીશીટર સુનિલ પ્રપ્તાણીને ઝડપી કડક કાર્યવાહી કરી

વડિયા,તા.૧૭

વડિયા પોલીસના ચોપડે હિસ્ટ્રીશીટર તરીકે નોંધાયેલા સુનિલ ધરમશી કોળીને પોલીસે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, તાજેતરમાં જામીન પર છૂટ્યા બાદ સુનિલ પ્રપ્તાણી કુહાડી સહિતના હથિયારો સાથે વિસ્તારમાં આંટાફેરા મારતો હોવાની તેમજ વેપારીઓને દબાવવાનો પ્રયાસ કરતો હોવાની લેખિત અને મૌખિક ફરિયાદો મળી હતી. ફરિયાદોને ગંભીરતાથી લઈ વડિયા પોલીસે કાર્યવાહી કરી હતી. પી.આઈ. પી.ડી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસે હિસ્ટ્રીશીટરને ઝડપી તેની સામે કડક કાર્યવાહી હાથ ધરતા ગ્રામજનો અને વેપારીઓમાં આનંદની લાગણી જન્મી હતી.

## રાજુલામાં વૃક્ષારોપણ કરી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

રાજુલા,તા.૧૭

રાજુલા શહેરમાં જાયન્ટસ પરિવાર દ્વારા ૧૫ ઓગસ્ટના રોજ ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વૃક્ષારોપણ કરી કરવામાં આવી હતી. પ્રોજેક્ટ ચેરમેન ઈનાયતભાઈ લક્ષ્મીધરની નિશ્રામાં અને બિપીનભાઈ લહેરીના માર્ગદર્શન હેઠળ પ્રમુખ શશિભાઈ રાજ્યગુરુએ વૃક્ષારોપણ કર્યું હતું. જે.એ. સંઘવી હાઈસ્કૂલના પટાંગણમાં ધ્વજવંદન બાદ વૃક્ષો વાવવામાં આવ્યા હતા.



મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર હોસ્પિટલના પટાંગણમાં સુપ્રીટેન્ડેન્ટ કમલેશભાઈ જોષીના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ કરાયું હતું. કાર્યક્રમમાં સરપંચ મુકેશભાઈ સરવૈયા, મહામંત્રી પ્રવિણભાઈ જાની સહિત જાયન્ટસ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## વડિયાની સુરગવાળા હાઈસ્કૂલ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

વડિયા, તા.૧૭

અમરેલી જિલ્લાના વડિયા ખાતે ગ્રામ પંચાયત સંચાલિત સુરગવાળા હાઈસ્કૂલ પરિસરમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વડિયા ગ્રામ પંચાયતના સરપંચ મનીષ ઢોલરીયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને તેમણે



રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ ઉજવણીમાં વડિયાની વિવિધ શાળાના બાળકો દ્વારા દેશભક્તિ અને સંસ્કૃતિને આલેખતા રંગારંગ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, શાળામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સરપંચ મનીષ ઢોલરીયાના હસ્તે ધ્વજવંદન કરાયું હતુ.

## સ્વામિનારાયણ ગુરુકુળ સા.કુંડલામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય દિનની બે દિવસીય ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુરુકુળના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સર્જનાત્મક સ્પર્ધાઓ યોજાઈ હતી. બાલમંદિર અને પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષા



ધારણ કરી ભાવાંજલિ અર્પી હતી. ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે રંગોળી અને કૂકિંગ સ્પર્ધા યોજાઈ હતી.

જેસર રોડ ગુરુકુળ તેમજ અંગ્રેજી માધ્યમ અને સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓએ દેશભક્તિના કાર્યક્રમો રજૂ કર્યા હતા.

૧૫ ઓગસ્ટે શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી 'રાષ્ટ્રધર્મ એ જ સર્વોપરી ધર્મ' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. હરિપ્રસાદ દાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્યનું મહત્વ સમજાવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# સાવરકુંડલામાં આડેધડ પાર્કિંગથી ટ્રાફિક સમસ્યા માથાનો દુઃખાવો બની

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા શહેરમાં તાલુકા પંચાયતથી મોદી હાઈસ્કૂલ સુધીનો મુખ્ય માર્ગ ભારે ટ્રાફિક અને બેફામ પાર્કિંગના કારણે નાગરિકો માટે માથાનો દુખાવો બન્યો છે. આ માર્ગ પર દિવસ દરમિયાન વાહનોની અવરજવર વધુ રહેતી હોવાથી અવારનવાર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તેમાં રસ્તાની બંને બાજુ વાહનો



આડેધડ પાર્ક કરવામાં આવતા માર્ગ સાંકડો બની જાય છે અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.ખાસ કરીને વ્યસ્ત સમય દરમિયાન ટ્રાફિક જામ સર્જાતા રાહદારીઓ તેમજ વાહનચાલકો લાંબા સમય સુધી અટવાઈ રહે છે.

આ સમસ્યાને લઈને સ્થાનિક લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોની માંગ છે કે તંત્ર અને ટ્રાફિક પોલીસ દ્વારા બેફામ પાર્કિંગ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને ટ્રાફિક વ્યવસ્થા સુચારુ બનાવવા તાત્કાલિક પગલાં લેવામાં આવે. હવે જોવાનું એ રહ્યું કે તંત્ર આ સમસ્યાનો ક્યારે ઉકેલ લાવે છે.

# સા.કુંડલામાં ખાનગી બસ બે દુકાનો સાથે અથડાતા અફરાતફરી મચી

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલામાં વહેલી સવારે અમદાવાદથી આવી રહેલી એક ખાનગી બસનો અકસ્માત સર્જાયો હતો. જૂના બસ સ્ટેશન નજીક પહોંચતા બસ અચાનક બે દુકાનો સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતની ટક્કર એટલી જોરદાર હતી કે બંને દુકાનોને નોંધપાત્ર નુકસાન



તસવીર : સૌરભ દોશી

થયું હતું. જોકે બસમાં સવાર કોઈ મુસાફરને ઈજા પહોંચી ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. અકસ્માત બાદ આસપાસના વિસ્તારમાં લોકો એકઠા થઈ ગયા હતા અને દુકાનદારો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો દ્વારા પણ મદદ માટે દોડધામ કરવામાં આવી હતી. ખાનગી બસ કયા કારણોસર દુકાનો સાથે અથડાઈ તેનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. સમગ્ર બનાવ અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# વડિયા-કુંકાવાવ તાલુકા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ જંગર ખાતે ઉજવાયો

અમરેલી,તા.૧૭

વડિયા-કુંકાવાવ તાલુકા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી જંગર ગામની એન. કે. વાસાણી હાઈસ્કૂલના પટાંગણમાં કરવામાં આવી હતી. મામલતદાર યોગેશ બારડે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી.

ઉત્કૃષ્ટ કામગીરી કરનાર તાલુકાના કર્મચારીઓ અને લોકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌમાં ઉત્સાહ જગાવ્યો હતો. કાર્યક્રમમાં અધિકારીઓ, પદાધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં મેઈન રોડ પર પડેલો મહાકાય ખાડો પાલિકાના સભ્યએ બુરવો પડયો

બગસરા, તા.૧૭

બગસરામાં મામલદાર ઓફિસ સામે પડેલ મહાકાય ખાડાને વોર્ડ નંબર ૩ના મહિલા સદસ્ય સંગીતાબેન જાદવ અને રમેશભાઈ સતાણી દ્વારા બુરવામાં આવ્યો હતો. શહેરમાં પરેશાનીરૂપ આ મહાકાય ખાડાને પાલિકા અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બુરવાની



કામગીરી કરવામાં આવી હતી. પરંતુ આ કામગીરીમાં બેદરકારી રાખવામાં આવી હોવાથી તે ખાડો ફરી મહાકાય બની ગયો હતો. ત્યારે અહીંથી પસાર થતા લોકો અને વાહનોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આથી વોર્ડ નં.૩ના પાલિકા સદસ્યો દ્વારા આ ખાડામાં બ્લોક બેસાડીને આ કામગીરી કરી હોવાથી લોકોએ પણ તેમની કામગીરીની સરાહના કરી હતી. નટવરનગર, અમરેલી રોડ સિવાયના અનેક વિસ્તારમાં પડી ગયેલા આવા મહાકાય ખાડાને બુરવામાં આવે તેવી લોકોએ માંગ કરી છે.

# ભૂરખીયા હનુમાનજી મંદિરે ગુરૂવારે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૧૭

લાઠી તાલુકાના ભૂરખીયા હનુમાનજી મંદિર ખાતે તા. ૨૦ ઓગસ્ટ, ગુરુવારે ૧૦૧મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર-મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પનો સમય સવારે ૮થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો રહેશે. જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવશે. નંબરના ચશ્મા રાહત દરે બનાવી આપવામાં આવશે. દર્દીઓને આધાર પુરાવા સાથે સમયસર હાજર રહેવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

# લીલીયા પોસ્ટ ઓફિસ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી: ધ્વજવંદન અને વૃક્ષારોપણ કરાયું

લીલીયા, તા.૧૭

૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે લીલીયા પોસ્ટ ઓફિસ ખાતે ધ્વજવંદન તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિક જયપ્રકાશભાઈ માઢકના હસ્તે ધ્વજવંદન કરાયા બાદ, તેમણે સબ પોસ્ટ માસ્તર ગૌરાંગભાઈ ચૌહાણ અને પંકજભાઈ ધંધુકિયા સાથે મળીને વૃક્ષારોપણ કર્યું હતું. ઉપસ્થિત અતિથિઓએ શહીદો તથા સ્વાતંત્ર્ય સેનાનીઓને બિરદાવ્યા હતા, જ્યારે



ગૌરાંગભાઈએ સૌને રાષ્ટ્ર ઉત્થાન માટે સારો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં એમ.ટી.એસ. કિરીટભાઈ દવે, પોસ્ટમેન કનકસિંહ બારૈયા સહિત તમામ ગ્રામીણ ડાક સેવક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ શુભ પ્રસંગે સબ પોસ્ટ માસ્તરે સૌ હાજરજનોને મીઠાઈ વહેંચીને સ્વાતંત્ર્ય દિવસની ખુશી વ્યક્ત કરી હતી.

# અમરેલીમાં 'થાળીમાંથી કેમ પૈસા લીધા' તેમ કહેતા દિયરે ભાભીને ફટકાર્યા

**ભાભીનું મંદિરે દર્શન કરવા જવાનું દિયરને ગમતું નહોતું**

અમરેલી, તા.૧૭

અમરેલીમાં રહેતા મંજુલાબેન બાબુગીરી ગોસાઈ (ઉ.વ.૭૪)એ સુખદેવગીરી, બીપીનગીરી તથા કવિતાબેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ સુખનાથ મંદિરે દર્શન કરવા જાય તે બાબત તેમના દિયર સુખદેવગીરી તથા બીપીનગીરીને સારી નહોતી લાગતી. તેઓ મંદિરે હતા ત્યારે સુખદેવગીરીએ તેમની થાળીમાંથી ૨૦ રૂપિયા તથા સિક્કા લઈ લીધા હતા. જેથી તેમણે કહ્યું કે, ×થાળીમાંથી કેમ પૈસા લીધા?× ત્યારે દિયર સુખદેવગીરીએ ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી હતી. તમામ આરોપીઓએ શરીરે આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો. આ સમયે તેમનો દીકરો વચ્ચે પડતાં તેને પણ માર માર્યો હતો. સુખદેવગીરીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદ પરથી આરોપો અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.







## અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી બ્રહ્મક્ષત્રિય મનહરલાલ નાનજીભાઈ ખખ્ખર (ઉ.વ.૭૬) તે સ્વ.ત્રિભોવનભાઈ, સ્વ. ધનજીભાઈ, સ્વ. મૂળજીભાઈ, સ્વ. નવનીતભાઈ, કિશોરભાઈના ભાઈ તથા રાજેન્દ્રભાઈ , દિપકભાઈ, નરેન્દ્રભાઈ, સંજયભાઈ અને હાર્દિકભાઈના કાકા તથા રૂષિત, અક્ષિતના દાદા તા.૧૫ને શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

**સ્વતંત્ર દિનની શુભેચ્છા સહ.....**

**:: જાહેર હરરાજી ::**

**શ્રી રાજુલા-ખાંભા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.-રાજુલા.**
માર્કેટયાર્ડની અંદર, મુ.રાજુલા. જી.અમરેલી-૩૬૫ ૫૬૦
ફોન નંબર:૦૨૭૯૪-૨૨૨૦૩૮. મોબા.નં.૯૨૬૫૬ ૩૪૭૦૬.

આ તાલુકા સંઘની માલિકીનું ટાવર પાસે આવેલ "સહકાર ભવન" માં બીજા માળે, ઓફિસ/દવાખાનુ/ગેસ્ટ હાઉસ/રેસ્ટોરન્ટને લાયક, આવેલ હોલ-૧ અને ઓફીસ-૪ (૪X૨-૮) વગર વ્યાજુ કાયમી ડીપોઝીટ મેળવીને ભાડે આપવાની છે. જેની જાહેર હરરાજી તા.૨૫/૦૮/૨૦૨૬ મંગળવારનાં રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે સ્થળ ઉપર રાખેલ છે. જેઓ રાખવાની ઈચ્છા ધરાવતા હોય, તેઓએ હરરાજીમાં ભાગ લેવા તાલુકા સંઘનાં કાર્યાલયે, ઓફીસ સમય દરમ્યાન હરરાજીની તારીખના સમય સુધીમાં ડીપોઝીટ રૂા. ૧૫,૦૦૦/- અંકે રૂપિયા પંદર હજાર ચેક અથવા ડ્રાફટથી સંઘનાં કામકાજનાં દિવસમાં ઓફીસ સમય દરમ્યાન ભરી પહોંચ મેળવી હરરાજીમાં ભાગ લઈ શકશે. હરરાજીની શરતો રૂબરૂ વાંચી સંભળાવામાં આવશે. જે દરેક માંગણી કરનારાઓને બંધનકર્તા રહેશે. સ્થળનું નિરીક્ષણ રજાના દિવસો સિવાય, ઓફીસ સમય દરમ્યાન કરી શકાશે.

તાલુકા સંઘ, રાજુલા ધ્વારા સદરહું હોલ/ઓફીસની હરરાજી બંધ રાખવાની સતા અને આ અંગેનાં તમામ અધિકારો સંસ્થાને અબાધિત રહેશે.

| | | |
|---|---|---|
| કે. એમ. સાવલિયા | બી. ટી. વરૂ | આર.એમ.ડોબરીયા |
| મેનેજર | ઉપપ્રમુખ | પ્રમુખ, |

**શ્રી રાજુલા-ખાંભા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.-રાજુલા.**
માર્કેટયાર્ડની અંદર, મુ.રાજુલા. જી.અમરેલી-૩૬૫ ૫૬૦

સાવરકુંડલાના એડીશનલ સેશન્સ જજશ્રીની અદાલતમાં, મુકામ -સાવરકુંડલા, જીલ્લો-અમરેલી

**આરોપી વ્યક્તિને હાજર થવા આદેશ કરતુ જાહેરનામુ**

(જુઓ બી.એન.એસ.એસ.ની કલમ-૮૪, ૮૫ અને ૩૫૬)

ફોજદારી અપીલ નં. ૦૮/૨૦૨૫
જા.નં. ૪૫૧/૨૦૨૬
મુદત તારીખ- ૧૮/૦૯/૨૦૨૬ તા. ૦૩/૦૮/૨૦૨૬

આ કોર્ટ એડીશ્નલ સેશન્સ જજશ્રી સમક્ષ એવી ફરીયાદ કરવામાં આવેલ છે કે, અપીલકર્તા/આરોપી/વિવાદી - ચકુરભાઈ અલારખભાઈ સમા, ઉ.વ.૩૦, રહે. લીલીયા મોટા તા. લીલીયા જી. અમરેલી. નામની વ્યક્તિએ નેગોશીએબલ ઈન્સ્ટુ.એકટની કલમ- ૧૩૮ અનુસાર સજાપાત્ર ગુનો કરેલ છે (અથવા એવો ગુનો કરેલ હોય તેવો શક છે) અને સદરહું નામની વ્યક્તિ ઉપર કાઢવામાં આવેલ ગિરફતારીનુ વોરંટ એવા શેરા સહિત પાછો આવેલ છે કે, સદરહુ અપીલકર્તા/આરોપી મળી આવતો નથી અને તેને આધારે મને ખાતરી કરાવી આપવામાં આવેલ છે કે, સદરહુ ચકુરભાઈ અલારખભાઈ સમા નામની વ્યક્તિ ભાગી ગયેલ છે (અથવા તો સદર ગિરફતારી વોરંટની બજવણી અટકાવવા માટે તેણે પોતાની જાતને છુપાવી દીધેલ છે.)

તેથી આ જાહેરનામુ બહાર પાડીને આવો આદેશ કરવામાં આવે છે કે, સદરહુ આરોપી/વિવાદી - ચકુરભાઈ અલારખભાઈ સમા, ઉ.વ.૩૦, રહે. લીલીયા મોટા તા. લીલીયા જી. અમરેલી. નાએ સદર ફરીયાદનો જવાબ આપવા માટે નામદાર એડીશ્નલ સેશન્સ જજશ્રી, સાવરકુંડલા સમક્ષ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ અચુક હાજર રહેવુ. આ જાહેરનામાની જાણ આંક-૧ હેઠળ થયેલ હુકમ મુજબ ઉપરોકત અપીલકર્તા/આરોપી/વિવાદીના સંબધીત/મિત્રને પણ કરવામાં આવેલ છે, જેથી અહી એ સ્પષ્ટ કરવામાં આવે છે કે, જો આરોપી ઉપરોકત તારીખ ઉપર કે તેના પહેલા હાજર ન થાય તો આ ફોજદારી અપીલની તમામ સુનાવણી તેની ગેરહાજરીમાં કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| | | હુકમથી |
| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | સહી |
| સહી | સહી | ઈ.ચા.રજીસ્ટ્રાર |
| આસીસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સાવરકુંડલા |






# વડીયાના અરજણસુખ પ્રા.શાળા ખાતે સ્વાતંત્ર્યપર્વની ઉજવણી


તસવીર : વિનુભાઇ કોટડીયા

તોરી,તા.૧૭

કુંકાવાવ તાલુકાના અરજણસુખ પ્રાથમિક શાળામાં સરપંચ કાળુભાઈ મોવલીયાના હસ્તે ધ્વજને સલામી આપવામાં આવી હતી. સ્વાતંત્ર્યપર્વના ઉજવેલ આ પ્રસંગે તોરી આઝાદ યુવક મંડળના પ્રમુખ વિનુભાઈ કોટડીયા, અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નિવૃત મેનેજર હિંમતભાઈ વેકરીયા, તોરી આદર્શ માધ્યમિક શાળાના નિવૃત આચાર્ય બાલુભાઈ હિરપરા હાજર રહ્યાં હતા. અરજણસુખ ગામે સેવાકિય કામગીરી કરતા ભનુભાઈ વનમાળીને શાલ ઓઢાડી કીટ આપી સન્માનિત કરાયા હતા. આ તકે, વશરામભાઈ, શૈલેષભાઈ મોવલીયા, ભીખાભાઈ, નિલેશભાઈ દેવમુરારી, ધીરૂભાઈ રાવળદેવ, કૈલાશબેન જોગાણી સહિતના જોડાયા હતા. ધ્વજવંદન બાદ શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા.

# અમરેલીના ચાંદગઢ ગામે ટ્રેકર પર હુમલો કરનાર સિંહણ પાંજરે પુરાતા હાશકારો



અમરેલી,તા.૧૭

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં આજે વહેલી સવારે સિંહણ ઘૂસી આવતા ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. બે દિવસ અગાઉ ચાંદગઢ નજીક શેત્રુંજી નદીના કાંઠે વનવિભાગના ટ્રેકર પર હુમલો કરનાર આ જ સિંહણને પકડવા વનવિભાગે પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સમયે સિંહણ હાથ લાગી નહોતી. આજે સિંહણ ગામની શેરીઓમાં આશરે એક કલાક સુધી આંટાફેરા કરતી જોવા મળી હતી. સિંહણ રામજી મંદિર સુધી પહોંચી હોવાનું પણ ગ્રામજનોએ જણાવ્યું હતું. ઘટનાની જાણ થતાં લીલીયા રેન્જની વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.

એનિમલ ડોક્ટરની ટીમની મદદથી સિંહણને ટ્રાન્ક્યુલાઈઝ કરી પાંજરે પૂરવામાં આવી હતી. સિંહણ પકડાઈ જતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ધારીના ગીગાસણ ગામની સીમમાં બીમારીથી પરપ્રાંતિય પરિણીતાનું મોત

**એએસપી જયવીર ગઢવીએ પરિણીતાના મોત મામલે વધુ તપાસ હાથ ધરી**

ધારી, તા.૧૭

ધારીના ગીગાસણ ગામની સીમમાં બીમારીથી પરપ્રાંતિય પરિણીતાનું મોત થયું હતું. આ અંગે મૂળ રાજસ્થાનના બાંસવાડાના ઢાલર ગામના નરેશભાઈ વિલુભાઈ ગરીયા (ઉ.વ.૨૧) એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની પાયલબેન (ઉ.વ.૨૦)ને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો. જેના કારણે બેભાન થઈ જતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ધારી વિભાગના એએસપી જયવીર ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં મન મંદિર શૈક્ષણિક સંકુલ ખાતે ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરાઈ



તસવીર : સંજય વાળા

ધારી,તા.૧૭

ધારી તાલુકાના મન મંદિર શૈક્ષણિક સંકુલ ખાતે ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારી તાલુકા પ્રમુખ મહેશભાઈ સાવલિયા તથા ડૉ. ગાંધી સાહેબના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો સહિત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ઉપસ્થિત વાલીઓ અને મહેમાનોએ વિદ્યાર્થીઓની કૃતિઓ નિહાળી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય પ્રિયંકાબેન વ્યાસ તથા તેમની ટીમે અથાગ મહેનત કરી હતી. સુંદર આયોજનના પરિણામે ૧૫મી ઓગસ્ટની ઉજવણી ઉત્સાહભેર સંપન્ન થઈ હતી.

# ખાંભામાં મહિલા ફિઝિયોથેરાપિસ્ટને દુકાનની અંદર બોલાવી છેડતી કરી

ખાંભા, તા.૧૭

ખાંભામાં મહિલા ફિઝિયોથેરાપિસ્ટને દુકાનની અંદર બોલાવી છેડતી કરવામાં આવી હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. આ અંગે મહિલાએ રાજુભાઈ અરજણભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ આરોપીને ઓળખતા હોવાથી તેઓ તેમજ તેમના પતિ આરોપીની દુકાને કુર્તિની સિલાઈ તેમજ બ્લાઉઝના કટ પીસ કરાવવા સારું ગયા હતા. તે વખતે આરોપીએ તેમને ઈરાદાપૂર્વક પોતાની દુકાનની અંદર બોલાવી તેમની મરજી વિરુધ્ધ બળજબરીપૂર્વક છાતીના ભાગે ઈરાદાપૂર્વક સ્પર્શ કરી છેડતી કરી હતી. અમરેલી એસસી/એસટી સેલના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના નારાયણનગરમાં પુરુષનો કાઠલો પકડી પાંચ ફડાકા ઝીંક્યા

લાઠી, તા.૧૭

લાઠીના નારાયણનગરમાં એક પુરુષનો કાઠલો પકડી પાંચ ફડાકા ઝીંક્યા હતા તેમજ મુંઢ ઈજા પણ કરી હતી. આ અંગે કિશોરભાઈ ઉર્ફે ચીકુભાઈ પાલજીભાઈ ગોહિલ (ઉ.વ.૫૩)એ મીત ગઢવી અને યુગ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની ઓટોરિક્ષા લઈને ગોદડિયા નગરની શેરીમાં આવતા હતા ત્યારે સામેથી ગાયોનું ધણ ચાલીને આવતું હતું.

તે સમયે બંને આરોપીઓ મોટરસાયકલ લઈને આવ્યા હતા અને મીત ગઢવીએ ગાયો તેમની ઓટોરિક્ષા તરફ તગડી, શર્ટનો કાઠલો પકડી ચાર-પાંચ લાફા માર્યા હતા. તેમજ કુંડળીવાળી લાકડી વડે ડાબા પગના સાથળ તેમજ પિંડીના ભાગે ચાર-પાંચ ઘા મારી મુંઢ ઈજા પહોંચાડી હતી, જ્યારે યુગે તેમનો હાથ મચકોડી પકડી રાખ્યો હતો.

લાઠી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા વધુ તપાસ કરી રહ્યા છે.

**મુંઢ ઈજા પણ પહોંચાડી**

# રાજુલા તાલુકાના ચૌત્રા ગામે જાનથી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ

**માથાકૂટ બાદ સમાધાન થઈ ગયું હતું**

રાજુલા, તા.૧૭

રાજુલાના ચૌત્રા ગામે જાનથી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે મુકેશભાઈ ધીરુભાઈ વાઘેલા (ઉ.વ.૪૨)એ વિનુ વાઘેલા, ભરત વિનુભાઈ તથા પ્રતાપ વિનુભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરા કિશનને તથા આરોપી ભરતને અગાઉ મોબાઈલ ફોન તોડી નાખવા બાબતે માથાકૂટ થઈ હતી. જે બાબતે જ્ઞાતિના રૂએ તેમને તથા આરોપીઓને સમાધાન થઈ ગયું હતું. તેમ છતાં મનદુઃખ રાખી તેમનો દીકરો અજય ઘરે એકલો હાજર હોય તે દરમિયાન આરોપીઓએ તેમને ગાળો આપી શરીરે મૂંઢમાર માર્યો હતો. તેમજ લાકડી વડે ફટકારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. જે. કાતરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં ચીકનની દુકાને થયેલી માથાકૂટમાં સામસામી ફરિયાદ

ધારી, તા.૧૭

ધારીમાં ચીકનની દુકાને થયેલી માથાકૂટમાં સામસામી ફરિયાદ નોંધાઈ હતી. સાજનભાઈ બટુકભાઈ સરવૈયા (ઉ.વ.૩૦)એ મકસુદભાઈ ઈબ્રાહીમભાઈ કટારીયા, કયુમભાઈ ઈબ્રાહીમભાઈ કટારીયા તથા મહેબુબભાઈ મુસાભાઈ કટારીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ આરોપીની દુકાને ચીકન લેવા ગયા હતા. મકસુદભાઈ કટારીયાને અગાઉ ધારી ખાતે રહેતા રવી જયસ્વાલ સાથે માથાકુટ થઈ બકી અને તેમને રવી જયસ્વાલ સાથે બોલવા ચાલવાના વહેવાર હોવાતી આરોપીને સારૂ નહોતું લાગ્યું. લાકડાના ધોકા વડે તેમને શરીરે આડેધડ માર માર્યો હતો. તેમજ ગાળો આપી શરીરે આડેધડ મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ મકસુદ ઈબ્રાહીમભાઈ કટારીયા (ઉ.વ.૨૯) એ સાગર બટુકભાઈ સરવૈયા તથા સાજન ઉર્ફે કરણ બટુકભાઈ સરવૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની દુકાને ચીકનનો વેપાર કરતા હોઈ તે વખતે આરોપીઓ ચીકન લેવા આવી તેમને કેમ ડેમમાથી માછીમારી કરવાની ના પાડો છો? ડેમ કોઈના બાપનો છે? આમ કહી ગાળો આપી હતી. તેમજ બન્ને આરોપીઓએ ઢીકાપાટુનો માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ છઠ્ઠ
તા.૧૮-૦૮-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૫૧,
સૂર્યાસ્ત-૦૬:૫૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૮-૨૦૨૬ મંગળવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. આ રાશિના કેટલાક લોકો આ દિવસે રોકાણ કરવાનો વિચાર પણ બનાવી શકે છે.

વૃષભઃ આજે દિવસની શરૂઆત સારી થશે. આજે તમને કાર્યસ્થળમાં પણ ઈચ્છિત પરિણામ મળશે. વરિષ્ઠ લોકો સાથે વાતચીત કરીને તમને સારું લાગશે.

મિથુનઃ આજે તમે તમારી માતાના પક્ષના લોકોને મળીને સારું અનુભવશો. જો તમે નોકરી કરતા હોવ તો આજે દિવાળી બોનસ મળવાની સંભાવના છે.

કર્કઃ આજે ઘરની સફાઈમાં પોતાની શક્તિ લગાવી શકે છે. આજે તમે જે પણ કામ હાથમાં લેશો તેમાં સફળતા મળવાની સારી તક છે.

સિંહઃ વાહન ખરીદવાનો વિચાર કરી શકે છે અને આ વિચાર પરિવારના સભ્યોની સામે પણ રાખી શકે છે. આ દિવસે આ રાશિના લોકોની માતાના સ્વાસ્થ્યમાં સારા ફેરફારો જોવા મળી શકે છે.

કન્યાઃ આ દિવસે સૂર્યની માલિકી ધરાવતી કન્યા રાશિના લોકોની વાણીમાં મધુરતા જોવા મળી શકે છે. આજે તમે તમારા અવાજથી તમારા વિરોધીઓનું દિલ જીતવામાં પણ સફળ રહેશો.

તુલાઃ આજે નોકરિયાત લોકોને અચાનક જ થોડુ દુર જવું પડી શકે છે. આ યાત્રા જે પણ સંબંધિત હશે તેમાં તમને સફળતા મળવાની અપેક્ષા છે.

વૃશ્ચિકઃ ભાગ્ય સાથ આપશે, જેના કારણે જે કામો અત્યાર સુધી અટકેલા હતા તે પણ પૂરા થશે. જો તમે ભૂતકાળમાં ક્યાંક રોકાણ કર્યું હોય તો તેમાંથી તમને નફો પણ મળી શકે છે.

ધનઃ વ્યવહારમાં સ્વતંત્રતા રહેશે. આજે વાત કર્યા વિના પણ તમને એવું લાગે છે કે જાણે કોઈ બોજ ઓછો થઈ ગયો હોય. આજે તમે નકારાત્મક વિચારોથી મુક્તિ મેળવી શકો છો.

મકરઃ લોકોને ભૌતિકતાવાદી માનવામાં આવે છે, પરંતુ આજે તેમના વર્તનથી વિપરીત, તેમનામાં આધ્યાત્મિક બાબતો તરફ રુચિ જોવા મળે છે.

કુંભઃ આજે પોતાના જીવનસાથી સાથે સારો સમય પસાર કરશે. જેમણે તાજેતરમાં લગ્ન કર્યા છે તેઓ તેમના જીવનસાથી સાથે રોમેન્ટિક સમય પસાર કરી શકે છે.

મીનઃ આજે પોતાના ભોજન પર ધ્યાન આપવું પડશે, આજે બહારનો ખોરાક તમારી પાચન તંત્ર પર ખરાબ અસર કરી શકે છે.

# સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામની હાઈસ્કૂલમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી



સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલાના ગાધકડા ગામની હાઈસ્કૂલ ખાતે ૧૫ ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે શાળામાં સતત ૩૩ વર્ષ સુધી સેવા આપનાર શિક્ષક કિશોરભાઈ રાવના હસ્તે ધ્વજવંદન સંપન્ન થયું હતું. શાળામાં દીર્ઘકાળ સુધી અમૂલ્ય યોગદાન આપ્યા બાદ કિશોરભાઈ રાવ દ્વારા લેવાયેલી સ્વૈચ્છિક નિવૃત્તિ નિમિત્તે ધ્વજવંદન બાદ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કેળવણી મંડળ અને શાળા પરિવારે કિશોરભાઈને શાલ ઓઢાડી, મોમેન્ટો તેમજ વિશેષ સ્મૃતિભેટ અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતું. આચાર્ય મલયભાઈ ભટ્ટ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ કિશોરભાઈની કર્તવ્યનિષ્ઠા અને સમર્પણભાવની પ્રશંસા કરીને તેમના નિવૃત્ત જીવન માટે સુખી, સ્વસ્થ અને દીર્ઘાયુની શુભકામનાઓ પાઠવી હતી. આ સમારોહમાં ગામના સરપંચ સુનિલભાઈ કલાણીયા, કેળવણી મંડળના હોદ્દેદારો, સ્થાનિક અગ્રણી જાની પરિવાર, શાળા પરિવાર, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં "હર ઘર તિરંગા" કાર્યક્રમની કરાઈ ઉજવણી



અમરેલી,તા.૧૭

અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેંદ્ર ખાતે સ્વાતંત્ર દિનની ઉજવણીના ભાગરૂપે "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ કેવીકેનાં વડાં ડો. મિનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ તા. ૧૩-૦૮-૨૦૨૬ના રોજ યોજાયો હતો. આ દરમિયાન સર્વે સ્ટાફ તેમજ ઉપસ્થિત બહેનોએ રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા અને દેશભક્તિની શપથ લીધા હતા. ત્યારબાદ દેશભક્તિના નારા સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૪ જેટલી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હાથમાં તિરંગો લઈને બહેનોએ દેશભક્તિના નારા લગાવી સમગ્ર વાતાવરણને રાષ્ટ્રપ્રેમથી ગુંજવી દીધું હતું.

# અમરેલીમાં હાર્ટ એટેકથી પુરુષનું મોત

અમરેલી, તા.૧૭

અમરેલીમાં હાર્ટ એટેકથી એક પુરુષનું મોત થયું હતું. જેના કારણે પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. આ અંગે અજયભાઈ હકુભાઈ ધરજીયા (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ પ્રકાશભાઈ હકુભાઈ ધરજીયાને હાર્ટ એટેક આવતાં મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર એન માલકીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરના સુવાગઢ ગામની સીમમાંથી ઈંગ્લીશ દારૂની ૩૮૪ બોટલ ઝડપાઈ

દામનગર, તા.૧૭

દામનગરના સુવાગઢ ગામની સીમમાંથી ઈંગ્લીશ દારૂની ૩૮૪ બોટલ પોલીસે ઝડપી પાડી હતી. રાજુભાઈ જીણાભાઈ મકવાણા (ઉ.વ.૪૯) પોતાની વાડીમાં રહેણાંક મકાનમાંથી પાસ-પરમિટ વગર ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૩૮૪ બોટલ સાથે ઝડપાયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.

# વિશ્વ સિંહ દિવસ નિમિત્તે બાબાપુર મુકામે 'માલધારીથી માલધારીને માર્ગદર્શન' કાર્યક્રમ


તસવીર :હસુભાઇ રાવલ

અમરેલી,તા.૧૭

વિશ્વ સિંહ દિવસ નિમિત્તે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ દ્વારા ગુરુકૃપા રામદેવ આશ્રમ બાબાપુર ખાતે 'માલધારીથી માલધારીને માર્ગદર્શન' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકાર, વન વિભાગ અને સમુદાયના સહિયારા પ્રયાસોથી માનવ અને સિંહ સહજીવનને પ્રોત્સાહન આપવાનો હતો. જેમાં ગીર નેસના માલધારીઓએ બાબાપુર, ગાવડકા અને થોરડી ગામના માલધારીઓને સિંહ સહજીવિતા અંગે પરંપરાગત જ્ઞાન પૂરું પાડ્યું હતું. ગીરના માલધારીઓએ પશુચરાણ વખતે રાખવાની કાળજી, સંઘર્ષ નિવારણના ઉપાયો, સિંહના વર્તનની ઓળખ અને રાત્રિ દરમિયાન પશુઓની દેખરેખ અંગે અનુભવો શેર કર્યા હતા. ખુલ્લા મંચ પર યોજાયેલા વાર્તાલાપમાં ૩૫થી વધુ માલધારી ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર આયોજન અંતર્ગત ઉપસ્થિત મહેમાનોનું પરંપરાગત સન્માન અને ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી.

તંત્રી લેખ

# સિક્સ G એટલે ભારતનું નવું ડિજિટલ સોપાન

આપણા દેશમાં ઘણા લોકોના મોબાઈલમાં 5G સેવા ઉપલબ્ધ હોવા છતાં તેની ઝડપ અને ગુણવત્તા દરેક જગ્યાએ સમાન નથી. 5G હજુ દેશના દરેક ખૂણે સંપૂર્ણ રીતે પહોંચ્યું નથી, ત્યાં ભારતે આગામી પેઢીની ટેક્નોલોજી એટલે કે 6G માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારત હવે માત્ર બીજા દેશોમાં વિકસાવવામાં આવેલી ટેક્નોલોજીનો ઉપયોગ કરનાર દેશ બનવા માગતું નથી, પરંતુ નવી ટેક્નોલોજી વિકસાવનારા અને દુનિયાને તેનો માર્ગ બતાવનારા દેશોમાં સ્થાન મેળવવા માગે છે. આ દિશામાં 'ભારત 6G વિઝન' હેઠળ વર્ષ ૨૦૩૦ સુધીમાં વિશ્વના અગ્રણી 6G દેશોમાં સામેલ થવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.6Gને માત્ર 5G કરતાં વધુ ઝડપ ધરાવતું નેટવર્ક માનવું યોગ્ય નથી. તેની અસર આપણા જીવનના અનેક ક્ષેત્રો પર થવાની શક્યતા છે. 5Gમાં મોબાઈલ ઈન્ટરનેટની ઝડપ અને કનેક્ટિવિટી વધી છે, જ્યારે 6Gનો વિચાર તેનાથી ઘણો આગળનો છે. તેમાં અત્યંત ઝડપી ડેટા ટ્રાન્સફર, ખૂબ ઓછો વિલંબ અને કૃત્રિમ બુધ્ધિ આધારિત નેટવર્ક જેવી સુવિધાઓ વિકસિત થશે. તેના કારણે મશીન અને માણસ વચ્ચેની માહિતીની આપ-લે વધુ ઝડપી અને સરળ બની શકે છે.6Gનું એક મહત્વપૂર્ણ લક્ષણ તેની બુધ્ધિશાળી કામગીરી હશે. કૃત્રિમ બુધ્ધિ એટલે કે AI નેટવર્કના સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવશે. નેટવર્ક પોતે જ ક્યાં વધુ ભાર છે, ક્યાં વધુ ક્ષમતાની જરૂર છે અને કઈ સેવા માટે કેટલાં સંસાધનો જરૂરી છે તે સમજવામાં સક્ષમ બની શકે છે. આ ટેક્નોલોજીનો ઉપયોગ સંચાર ઉપરાંત ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય, પરિવહન અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં પણ થઈ શકે છે.6G માત્ર ડેટા પહોંચાડવાનું માધ્યમ નહીં રહે, પરંતુ આસપાસના પર્યાવરણને સમજવામાં પણ મદદરૂપ બની શકે છે. સ્માર્ટ શહેરોમાં ટ્રાફિક વ્યવસ્થાથી લઈને ઊર્જાના ઉપયોગ સુધી અનેક સેવાઓ વધુ કાર્યક્ષમ બની શકે છે. હોસ્પિટલોમાં દર્દીઓની સતત દેખરેખ માટે સ્માર્ટ ઉપકરણોનો ઉપયોગ વધી શકે છે. દૂરના વિસ્તારોમાં નિષ્ણાંતોની મદદથી સારવાર અને શિક્ષણ પહોંચાડવાની શક્યતાઓ પણ વિસ્તરી શકે છે.ઉદ્યોગ ક્ષેત્રે પણ 6Gનું મહત્વ ઘણું વધી શકે છે. રોબોટ, કૃત્રિમ બુધ્ધિ અને ઓટોમેશનને વધુ ઝડપી અને વિશ્વસનીય જોડાણ મળી શકે છે. કારખાનામાં કામ કરતા રોબોટ એકબીજા સાથે તથા નિયંત્રણ પ્રણાલી સાથે સતત સંપર્કમાં રહી શકે છે. સેન્સર મશીનમાં નાની ખામી ઊભી થાય તે પહેલાં જ તેના સંકેતો આપી શકે છે. પરિણામે ઉત્પાદન પ્રક્રિયામાં વિક્ષેપ ઘટી શકે છે અને સમય તથા ખર્ચ બંનેમાં બચત થઈ શકે છે.6Gનો લાભ ખેતીમાં પણ મળી શકે છે. જમીનની સ્થિતિ, પાણીની જરૂરિયાત, હવામાન અને પાકની સ્થિતિ અંગે માહિતી એકત્રિત કરીને સ્માર્ટ ખેતી વધુ અસરકારક બની શકે છે. જોકે, આ માટે માત્ર નેટવર્ક પૂરતું નથી. સસ્તાં ઉપકરણો, તાલીમ અને ગ્રામ્ય વિસ્તારોમાં મજબૂત ડિજિટલ માળખું પણ જરૂરી છે.ભારત માટે 6G આર્થિક દૃષ્ટિએ પણ મોટી તક છે. દેશ પોતે ટેક્નોલોજી વિકસાવશે તો વિદેશી ટેક્નોલોજી પરની નિર્ભરતા ઘટી શકે છે. સંશોધકો અને સ્ટાર્ટઅપ્સને નવી તકો મળી શકે છે તથા ટેલિકોમ સાધનોના સ્થાનિક ઉત્પાદનથી રોજગારી વધવાની શક્યતા છે.પરંતુ 6G સાથે કેટલાક જોખમો પણ જોડાયેલા છે. અબજો ઉપકરણો એકબીજા સાથે જોડાશે ત્યારે સાયબર હુમલાનો ખતરો વધી શકે છે. વ્યક્તિગત માહિતીની સુરક્ષા, ડેટાની ગોપનીયતા અને AIના જવાબદાર ઉપયોગ જેવા પ્રશ્નો વધુ મહત્વપૂર્ણ બનશે.આથી ભારતે 6Gને માત્ર ઝડપની સ્પર્ધા તરીકે જોવું ન જોઈએ.

# કચ્છથી ખંભાત સુધી: ધોવાતો કાંઠો અને ટકાઉ વિકાસની તાતી જરૂરિયાત

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ગુજરાતનો દરિયાકાંઠો ભારતના સૌથી લાંબા અને સૌથી વધુ વૈવિધ્યસભર દરિયાકાંઠાઓમાંનો એક છે. આશરે ૧,૬૦૦ કિલોમીટરથી વધુ લંબાઈ ધરાવતો આ દરિયાકાંઠો રાજ્યના અર્થતંત્ર, રોજગાર, વેપાર, માછીમારી અને પર્યાવરણ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. કચ્છના અખાતના મેન્ગ્રોવથી લઈને સૌરાષ્ટ્રના ખડકાળ અને રેતાળ કાંઠા તથા ખંભાતના અખાતના વિશાળ કાદવ પ્રદેશો સુધી દરેક વિસ્તારની પોતાની આગવી ભૌગોલિક વિશેષતા છે. જોકે છેલ્લા કેટલાક દાયકાઓમાં કુદરતી પ્રક્રિયાઓ અને માનવીય પ્રવૃત્તિઓના કારણે ગુજરાતના દરિયાકાંઠાની ભૂગોળમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. ક્યાંક દરિયાઈ મોજાં અને પ્રવાહોના કારણે જમીનનું ધોવાણ થઈ રહ્યું છે, તો ક્યાંક નદીઓ દ્વારા લાવવામાં આવતા કાંપને કારણે નવી જમીનનું નિર્માણ થઈ રહ્યું છે.આ સંદર્ભમાં અમરેલી જિલ્લાનો દરિયાકાંઠો વિશેષ મહત્વ ધરાવે છે. જાફરાબાદથી પીપાવાવ અને શિયાળબેટ સુધીનો વિસ્તાર માછીમારી, બંદર પ્રવૃત્તિ અને મીઠાના ઉત્પાદન માટે જાણીતો છે. અહીં ખડકાળ તેમજ રેતાળ કાંઠો જોવા મળે છે. પરિણામે કેટલાક વિસ્તારોમાં દરિયાઈ ધોવાણની અસર જોવા મળે છે, જ્યારે અન્ય વિસ્તારોમાં કાંપના જમાવને કારણે દરિયાકાંઠાની રચનામાં ફેરફાર થાય છે. આ પરિવર્તન સ્થાનિક માછીમારો, ખેડૂતો અને દરિયાકાંઠા પર આધારિત અન્ય લોકોના જીવનને સીધી અસર કરે છે.દરિયાકાંઠાના પરિવર્તન પાછળ કુદરતી કારણો મહત્વપૂર્ણ છે. દરિયો સતત ગતિશીલ છે અને મોજાં, સમુદ્રી પ્રવાહો તથા ભરતી-ઓટની પ્રક્રિયા જમીનને સતત અસર કરે છે. ખાસ કરીને કચ્છ અને ખંભાતના અખાતમાં ભરતી-ઓટનું પ્રમાણ અને ઝડપ નોંધપાત્ર છે. આ પ્રક્રિયાઓના કારણે કિનારાની માટી એક સ્થળેથી બીજા સ્થળે ખસે છે. પરિણામે ક્યાંક ધોવાણ થાય છે, તો ક્યાંક કાંપ જમા થઈને જમીનનો વિસ્તાર વધે છે.ખંભાતનો અખાત ગુજરાતની ભૂગોળ, ઈતિહાસ અને અર્થતંત્રનું મહત્વપૂર્ણ અંગ છે. તે અરબી સમુદ્રનો એક ભાગ છે અને ગુજરાતના ભૂમિભાગમાં ઉત્તર તરફ ઊંડે સુધી પ્રવેશ કરે છે. તેની પૂર્વ તરફ ભરૂચ, આણંદ અને ખેડા જેવા જિલ્લાઓ આવેલા છે, જ્યારે પશ્ચિમ તરફ ભાવનગર અને અમરેલી જિલ્લાનો સૌરાષ્ટ્રનો કિનારો આવેલો છે. ઉત્તરમાં આ અખાત ખંભાત નજીક સાંકડો થાય છે અને તેના પરથી તેને 'ખંભાતનો અખાત' નામ મળ્યું છે.પ્રાચીન સમયથી ખંભાતના અખાતનું વેપારી મહત્વ રહ્યું છે. ખંભાતનું બંદર એક સમયે ભારતના મહત્વપૂર્ણ અને સમૃધ્ધ બંદરોમાં




ગણાતું હતું. અહીંથી કાપડ, રેશમ, મલમલ, ગળી અને અકીક જેવા ઉત્પાદનોનો દેશ-વિદેશમાં વેપાર થતો હતો. જોકે નર્મદા, તાપી, મહી અને સાબરમતી જેવી નદીઓ દ્વારા સતત લાવવામાં આવતા કાંપના જમાવને કારણે અખાતના કેટલાક ભાગોમાં પાણીની ઊંડાઈ ઘટી અને બંદરની ઉપયોગિતા ધીમે ધીમે ઓછી થઈ.ભૌગોલિક રીતે ખંભાતનો અખાત તેની શક્તિશાળી ભરતી-ઓટ માટે જાણીતો છે. ભરતી દરમિયાન પાણીનું સ્તર ઝડપથી વધે છે અને દરિયાઈ પ્રવાહો પણ શક્તિશાળી બને છે. નર્મદા, તાપી, મહી અને સાબરમતી જેવી મોટી નદીઓ આ વિસ્તારમાં મળે છે. આ નદીઓ મીઠા પાણી સાથે કાંપ અને માટી પણ લાવે છે. તેથી અખાતના કિનારાના કેટલાક વિસ્તારોમાં વિશાળ કાદવ પ્રદેશો અને કાંપના જમાવ જોવા મળે છે.આ અખાતનું આધુનિક આર્થિક મહત્વ પણ વિશાળ છે. ભાવનગર નજીક આવેલું અલંગ શિપ-બ્રેકિંગ યાર્ડ વિશ્વના સૌથી મોટા જહાજ-વિભાજન કેન્દ્રોમાંનું એક છે. અહીંની ભરતી-ઓટ જહાજોને કિનારે લાવવા માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરે છે.

દહેજ અને ઘોઘા વચ્ચેની રો-રો ફેરી સેવા પણ બંને કાંઠા વચ્ચેના પરિવહનને સરળ બનાવવામાં મહત્વપૂર્ણ છે. આ ઉપરાંત ખંભાતના અખાત અને તેની આસપાસના વિસ્તારોમાં ઊર્જા તથા ઔદ્યોગિક પ્રવૃત્તિઓનો પણ વિકાસ થયો છે. લોથલ જેવા હડપ્પીય સંસ્કૃતિના પુરાતત્ત્વીય અવશેષો આ વિસ્તારના પ્રાચીન દરિયાઈ વેપાર અને સાંસ્કૃતિક મહત્વની સાક્ષી આપે છે.દરિયાકાંઠાના પરિવર્તનમાં મેન્ગ્રોવનું મહત્વ પણ અત્યંત વિશાળ છે. કચ્છના અખાતમાં જોવા મળતા મેન્ગ્રોવના જંગલો કુદરતી સુરક્ષા કવચ તરીકે કામ કરે છે. તેમના ગાઢ મૂળ જમીનને મજબૂત રીતે પકડી રાખે છે અને મોજાંના વેગને ઘટાડે છે. તેથી જ્યાં મેન્ગ્રોવનું સંરક્ષણ થાય છે ત્યાં દરિયાઈ ધોવાણની અસર ઓછી થઈ શકે છે. બીજી તરફ મેન્ગ્રોવનો નાશ થાય ત્યારે કિનારો વધુ અસુરક્ષિત બની શકે છે.આ કુદરતી પ્રક્રિયાઓને હવે આબોહવા પરિવર્તન અને માનવીય હસ્તક્ષેપ વધુ ગંભીર બનાવી રહ્યા છે. વૈશ્વિક તાપમાનમાં વધારો થવાથી સમુદ્રની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. વાવાઝોડાં, ભારે વરસાદ અને દરિયાઈ તોફાનોની અસર પણ નીચાણવાળા દરિયાકાંઠાના વિસ્તારો માટે જોખમ ઊભું કરે છે. બીજી તરફ બંદરો, ઉદ્યોગો, રસ્તાઓ અને અયોગ્ય બાંધકામોના કારણે કુદરતી દરિયાઈ પ્રવાહોમાં ફેરફાર થઈ શકે છે. મેન્ગ્રોવ અને કાદવ પ્રદેશોના નાશથી દરિયાકાંઠાનું કુદરતી રક્ષણ પણ નબળું પડે છે.દરિયાઈ ધોવાણની અસર માત્ર જમીન ગુમાવવા પૂરતી મર્યાદિત નથી. દરિયાઈ ખારું પાણી ખેતરોમાં પ્રવેશે ત્યારે જમીનની ફળદ્રુપતા ઘટી શકે છે અને ભૂગર્ભજળ પણ ખારું બની શકે છે. માછલીઓ તથા અન્ય દરિયાઈ જીવોના પ્રજનન સ્થળો નાશ પામે તો માછીમારોની આવક પર અસર પડે છે. દરિયાકાંઠાના રસ્તાઓ, બંદરો, વસાહતો અને પ્રવાસન સ્થળો પણ જોખમમાં આવી શકે છે. તેથી દરિયાકાંઠાનું સંરક્ષણ માત્ર પર્યાવરણનો વિષય નથી, પરંતુ આર્થિક અને સામાજિક સુરક્ષાનો પણ મહત્વપૂર્ણ પ્રશ્ન છે.આ સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક અને સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ આયોજન જરૂરી છે. ઉપગ્રહ ચિત્રો, ડ્રોન અને GIS જેવી આધુનિક તકનીકોની મદદથી દરિયાકાંઠાના પરિવર્તનની સતત દેખરેખ રાખવી જોઈએ. મેન્ગ્રોવનું સંરક્ષણ અને નવા મેન્ગ્રોવનું વાવેતર પ્રાથમિકતા હોવી જોઈએ. કોઈપણ મોટા બંદર કે ઔદ્યોગિક પ્રોજેક્ટ પહેલાં તેના પર્યાવરણીય પ્રભાવનો નિષ્પક્ષ અભ્યાસ કરવો જરૂરી છે. નદીઓના કુદરતી વહેણમાં અનાવશ્યક અવરોધો ઊભા ન કરવા જોઈએ. દરેક સ્થળે કોંક્રિટની દીવાલો ઊભી કરવાને બદલે જ્યાં યોગ્ય હોય ત્યાં કુદરતી અને એન્જિનિયરિંગ આધારિત ઉપાયોનું સંયોજન કરવું જોઈએ.દરિયાકાંઠાનું સંરક્ષણ માત્ર સરકારની જવાબદારી નથી. સામાન્ય નાગરિકો પણ દરિયાકાંઠે કચરો ન ફેંકવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો, દરિયાકાંઠાની સફાઈમાં ભાગ લેવો અને મેન્ગ્રોવના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવી જેવા કાર્યો દ્વારા યોગદાન આપી શકે છે. વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવામાં આવે તો ગુજરાતનો વિશાળ દરિયાકાંઠો ભવિષ્યની પેઢીઓ માટે સુરક્ષિત, સ્વચ્છ અને સમૃધ્ધ રહી શકે છે. તેથી ગુજરાતના દરિયાકાંઠાને માત્ર આર્થિક સંપત્તિ તરીકે નહીં, પરંતુ કુદરતી વારસા અને જીવનના આધારસ્તંભ તરીકે સાચવવો આપણી સામૂહિક જવાબદારી છે.

**સમુદ્રી પર્યાવરણની દ્રષ્ટિએ અમરેલી જિલ્લાનો દરિયાકાંઠો આ સંદર્ભમાં ખૂબ જ મહત્વનો છે. જાફરાબાદથી પીપાવાવ અને શિયાળબેટ સુધી વિસ્તરેલો આ કાંઠો માછીમારી, પીપાવાવ બંદર અને મીઠા ઉદ્યોગ માટે જાણીતો છે. અહીંના ખડકાળ અને રેતાળ કાંઠે ધોવાણ અને કાંપ બંનેની અસર જોવા મળે છે.**

## શબ્દ સંજોગ-૨૨૫૦



**આડી ચાવી :**
(૧) યમપુરીમાં જતાં આવતી કલ્પિત પૌરાણિક નદી (૪)
(૩) ઝીણા પોતાનું કાળા રંગનું કાઠિયાણીનું ઓઢણું (૩)
(૫) બાવટા જેવું એક અનાજ (૩)
(૭) કવિતા (૩)
(૯) એક જાતનો પોપટ (૩)
(૧૧) કલ્પના,ભાસ (૨)
(૧૨) એક પંખી (૨)
(૧૩) સાચવી રાખવા સોંપેલું (૪)
(૧૬) ઓરડો,ખંડ (૨)
(૧૮) વચ્ચે પડવું - દરમિયાન ગીરી કરવ તે (૩)
(૨૦) કરવતનો દાંતો (૩)
(૨૧) એક અટક (આ-અ) (૩)
(૨૨) હાથીનો હાંકનાર (૪)
(૨૪) જાહેરાત,ઘોષણા (૪)
(૨૫) ..., અહિંસા,ચોરી ન કરવી (૨)

**ઉભી ચાવી :**
(૧) યજ્ઞ સંબંધી (૩)
(૨) રીત, રિવાજ (૩)
(૩) એક કઠોળ (૨)
(૪) સુખખ અને દુઃખ, ચડતી પડતી (૪)
(૫) અણસમજુ,મૂર્ખ (૩)
(૬) વાદળી (૨)
(૮) ભારતની એક નદી (૩)
(૧૦) એક વાઘ (૩)
(૧૧) ચોખાની એક વાનગી (૨)
(૧૩) આકાશ,ખાલી જગા (૪)
(૧૪) મગરમચ્છ (૩)
(૧૫) મોં,ચહેરો (૨)
(૧૭) મહાન-મોટા રાજા (૪)
(૧૯) સવડ,સોઈ (આ-અ) (૪)
(૨૨) મોટું,મહાન (૨)
(૨૩) ફૂલની મોટી માળા (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૯ જવાબ

**આડી ચાવી :** (૧) અગોચર (૪) સિતરશ્મિ (૭) ક્ષૌર (૮) સહ (૧૦) રજ (૧૧) હિજરી (૧૩) સ્તર (૧૫) કમી (૧૭) ઝરો (૧૮) મણા (૧૯) નવું (૨૦) વાણ (૨૧) માસ (૨૨) ગોખ (૨૩) ભાણો (૨૪) મંદ (૨૫) વા (૨૬) તવ (૨૮) રજા (૩૦) દરિ (૩૨) ભારત (૩૩) પાદ (૩૪) પુલિન (૩૫) નરટવ (નટવર).
**ઉભી ચાવી :** (૧) અક્ષૌહિણી(૨) ગોરજ (૩) રસ (૫) તર (૬) રજક (૯) હસ્ત (૧૨) રીઝવું (૧૪) રમણ (૧૬) મીરાસ (૧૯) નખ (૨૦) વાણોતર (૨૧) માદરપાટ (૨૨) ગોંવિદ (૨૭) વતન (૨૯) જાદવ (૩૧) રિપુ (૩૨) ભાન.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૮ |
| જુવાર સફેદ | ૧૧૩૧ | ૧૨૪૦ |
| જુવાર લાલ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| બાજરી | ૩૬૦ | ૪૬૨ |
| તુવેર | ૧૧૨૦ | ૧૫૫૫ |
| ચણા પીળા | ૧૦૧૧ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૨૨૫ | ૧૭૭૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૮૪૨ |
| મગ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| વાલ દેશી | ૫૬૦ | ૮૭૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૩૩૫ |
| વટાણા | ૬૦૦ | ૯૧૦ |
| રાજમા | ૧૪૧૫ | ૧૯૭૪ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૧૩૭૦ | ૧૫૩૧ |
| મગફળી જીણી | ૧૨૬૫ | ૧૫૧૦ |
| તલી | ૨૧૦૦ | ૨૪૨૬ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૩૮ |
| અજમો | ૧૫૦૧ | ૨૫૫૦ |
| સુવા | ૧૦૫૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૫૪ |
| સીંગફાડા | ૧૩૮૦ | ૧૮૦૫ |
| કાળા તલ | ૨૩૫૦ | ૩૫૬૦ |
| લસણ | ૧૦૮૧ | ૨૭૦૦ |
| ધાણા | ૨૭૬૦ | ૨૯૬૦ |
| ધાણી | ૨૮૪૦ | ૩૦૦૨ |
| વરીયાળી | ૧૪૩૦ | ૨૨૬૨ |
| જીરૂ | ૩૫૬૦ | ૩૯૦૦ |
| રાય | ૧૩૫૦ | ૧૮૫૯ |
| મેથી | ૯૦૦ | ૧૬૮૪ |
| ઇસબગુલ | ૧૪૨૧ | ૧૪૨૧ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૬૧૦ |
| રાયડો | ૧૨૧૦ | ૧૫૧૫ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૧૦૨૨૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૭ | ૭૯૨ |
| પપૈયા | ૨૦૩ | ૪૦૬ |
| બટેટા | ૯૪ | ૩૦૯ |
| ડુંગળી સુકી | ૩૧૦ | ૬૨૧ |
| ટમેટા | ૩૯૫ | ૫૮૮ |
| સુરણ | ૯૭૭ | ૧૧૮૬ |
| કોથમરી | ૨૨૭ | ૪૩૨ |
| મુળા | ૪૧૩ | ૬૨૧ |
| રીંગણા | ૫૨૬ | ૮૭૬ |
| કોબીજ | ૩૧૪ | ૪૨૫ |
| ફ્લાવર | ૫૨૬ | ૭૧૮ |
| ભીંડો | ૭૩૧ | ૧૦૧૫ |
| ગુવાર | ૧૪૧૯ | ૧૯૬૧ |
| ચોળાસીંગ | ૬૫૪ | ૧૦૨૨ |
| વાલોળ | ૮૩૧ | ૧૨૯૨ |
| ટીંડોળા | ૫૯૨ | ૯૮૩ |
| દુધી | ૨૦૫ | ૩૫૨ |
| કારેલા | ૪૧૧ | ૭૨૪ |
| સરગવો | ૭૯૧ | ૧૨૫૬ |
| તુરીયા | ૮૦૫ | ૧૧૫૬ |
| પરવર | ૮૧૨ | ૧૨૦૬ |
| કાકડી | ૩૦૨ | ૫૧૧ |
| ગાજર | ૩૧૬ | ૫૨૨ |
| વટાણા | ૧૯૭૬ | ૨૯૮૬ |
| કંટોળા | ૧૮૫૪ | ૨૫૧૧ |
| ગલકા | ૩૧૬ | ૫૨૯ |
| બીટ | ૩૧૧ | ૫૧૯ |
| મેથી | ૪૦૭ | ૮૧૪ |
| વાલ | ૧૪૦૬ | ૧૬૨૫ |
| ડુંગળી લીલી | ૬૧૫ | ૯૨૩ |
| આદુ | ૧૬૫૨ | ૩૦૨૧ |
| મરચા લીલા | ૬૦૭ | ૮૧૬ |
| મગફળી લીલી | ૬૦૭ | ૮૨૧ |
| મકાઇ લીલી | ૨૦૫ | ૪૧૮ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૬૦૦ |
| કોબી | ૧૮૦ | ૫૦૦ |
| દુધી | ૪૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૯૦૦ |
| કાકડી | ૧૬૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૬૦૦ |
| વટાણા | ૧૯૮૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૪ | ૧૫ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ચ્રૂણ | ૯૮૦ | ૧૨૦૦ |
| ફુર્ઈફ્રુફ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ફુફ્રુફુૈફુહ | ૧૦ | ૧૫ |
| ફુદ્દિફુ | ૭૮૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૧૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૦૨૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૯૦ |
| તલ કાળા | ૨૩૪૦ | ૩૭૪૦ |
| તલ કાશમીરી | ૨૨૦૫ | ૨૪૪૦ |
| બાજરો | ૩૩૦ | ૫૧૦ |
| જુવાર | ૬૨૫ | ૧૧૬૫ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૫ |
| મગ | ૭૨૦ | ૧૪૦૫ |
| ચણા | ૮૪૦ | ૧૨૬૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૬૫ |
| કપાસ | ૮૯૦ | ૨૦૩૦ |
| નવો કપાસ | ૧૨૧૦ | ૨૫૫૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૩૪૨૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૩૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૬૮૫ |
| ધાણી | ૨૯૫૫ | ૩૧૨૦ |
| અજમા | ૧૯૦૦ | ૨૮૩૦ |
| મેથી | ૧૧૦૫ | ૧૩૫૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૩૦ |
| વરીયાળી | ૧૩૬૦ | ૧૭૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૧૦૨૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૫૦ |
| ચીભડા | ૫૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૫૧૦ | ૧૯૫૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૨૯૫૦ | ૩૦૩૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૫૦ |
| તુરીયા | ૫૨૦ | ૫૯૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૯૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| કંટોલા | ૧૯૫૦ | ૨૨૩૦ |
| આદુ | ૧૪૦૦ | ૨૮૦૦ |
| કોથમીર | ૨૧૦ | ૩૨૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૩૦ |
| બીટ | ૫૨૦ | ૫૭૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૮૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૫૪૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૧૨૮૦ | ૨૬૦૦ |
| પાલક | ૫૨૦ | ૬૨૦ |
| લીબુ | ૫૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૧૯૫૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૮૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૩૬૫૬ | ૩૭૧૫ |
| કપાસ | ૧૫૦૦ | ૨૦૧૯ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૫૫૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૪૭ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૬૦ |
| એરડી | - | ૧૨૭૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૬૧૦ | ૧૬૪૦ |
| મગફળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ઘઉં | ૫૧૧ | ૫૧૧ |
| તુવેર | ૧૦૭૦ | ૧૩૭૦ |
| મગ | ૧૦૪૦ | ૧૫૪૦ |
| તલ | ૧૮૦૦ | ૨૨૫૦ |
| એરંડા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| શીંગ દાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૨૫૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૭૦ |
| લશણ | ૭૨૦ | ૭૨૦ |
| ઘઉ લોકવન | ૪૮૧ | ૪૯૦ |
| ઘઉ ટુકડા | ૪૫૧ | ૫૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૬૦ |
| શીંગદાણા | ૧૬૪૫ | ૧૯૦૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૯૦ |
| તલ કાળા | ૩૧૪૫ | ૩૧૪૫ |
| ધાણા | ૨૮૪૫ | ૨૮૪૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૮ |
| જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| **બાબરા** | | |
| જીરૂ | ૩૪૭૫ | ૩૮૫૧ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૫૧ |
| ઘઉ | ૫૨૧ | ૫૪૨ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૫૨૨ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૨ |
| જુવાર | ૭૦૦ | ૧૧૬૮ |
| અડદ | ૧૫૦૦ | ૧૮૩૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૨૪૪ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૩૨૮ |
| કપાસ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૮૨ | ૫૧૯ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| જુવાર | ૬૦૧ | ૧૨૧૨ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૩૭૫ | ૨૩૭૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બાબરા તાલુકાના ચમારડીમાં અનેક અગ્રણીઓ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા

બાબરા,તા.૧૭

બાબરા તાલુકાના ચમારડી ગામે કોંગ્રેસને મોટો રાજકીય ફટકો પડ્યો છે. ચમારડીના પ્લોટ વિસ્તારમાં યોજાયેલા સન્માન કાર્યક્રમ દરમિયાન તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સહિત અનેક કોંગ્રેસી અગ્રણીઓએ કોંગ્રેસને રામરામ કરી ભાજપમાં પ્રવેશ કર્યો હતો. સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભૂતૈયાની ઉપસ્થિતિમાં નવા કાર્યકરોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.ભાજપમાં જોડાનારાઓમાં પૂર્વ તાલુકા કોંગ્રેસ પ્રમુખ જસમતભાઈ ચોવટિયા, ચમારડી જૂથ સેવા સહકારી મંડળીના પ્રમુખ જાદવભાઈ વસ્તરપરા, માજી સરપંચ રવજીભાઈ વસ્તરપરા, પંકજ ઈન્દ્રોડિયા સહિત અનેક અગ્રણીઓનો સમાવેશ થાય છે. જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળના પ્રયાસોને સફળતા મળતાં તાલુકાના રાજકારણમાં ચર્ચા જાગી છે. નવા કાર્યકરોએ ભાજપની વિકાસલક્ષી વિચારધારાથી પ્રેરાઈ જોડાયા હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર :દિપક કનૈયા

# સાવરકુંડલામાં સરદાર સાહેબની ભવ્ય પ્રતિમા સ્થળે રાજયમંત્રી કૌશિક વેકરીયાએ નિરીક્ષણ કર્યુ

**ધારાસભ્ય મહેશ કસવાળા સહિતના આગેવાનો હાજર રહ્યાં**

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલાની ધરતી પર રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના પ્રતિક લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમા આકાર લઈ રહી છે. નિર્માણાધીન પ્રતિમા સ્થળે રાજ્યકક્ષાના મંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાએ મુલાકાત લઈ ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરત સુતરીયા તથા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ કામગીરીની વિગતો મેળવી જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. સરદાર પટેલની આ પ્રતિમા માત્ર સ્મારક નહીં, પરંતુ તેમની રાષ્ટ્રનિષ્ઠા, એકતા અને અખંડિતતાના સંદેશને આવનારી પેઢી સુધી પહોંચાડતું પ્રેરણાસ્થળ બનશે.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ, શહેર અને તાલુકા ભાજપ પ્રમુખ, પદાધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ રાજકીય, સામાજિક અને સેવાભાવી ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# નિકોલના કેળવણી ધામ ખાતે સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી

અમદાવાદ,તા.૧૭

અમદાવાદમાં નિકોલ ખાતેના કેળવણી ધામમાં ૧૫મી ઓગષ્ટના રોજ સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી રમેશભાઈ ઈટાલીયાએ ધ્વજ ફરકાવ્યો હતો. આ તકે સરસ્વતિ સ્કુલના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ વાડોદરીયા, ઉપપ્રમુખ નાગજીભાઈ શિંગાળા, માવજીભાઈ લુણાગરીયા, જગદીશભાઈ ભુવા, પ્રસન્નભાઈ પોલરા, ડૉ સંજયભાઈ મુજપરા, ટ્રસ્ટીઓ અને હોસ્ટેલના ૭૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.



# સુરતમાં ૧૭૨મો 'થર્સ-ડે થોર્ટ' યોજાયો : પ્રગતિશીલ અને જાગૃત નાગરિક એ રાષ્ટ્રની ખરી મૂડી

સુરત,તા.૧૭

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા જમનાબા ભવન ખાતે ૧૭૨મા 'થર્સ-ડે થોટ' કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં 'વિકસિત ભારત ૨૦૪૭'ના રોડમેપ અને પડકારો અંગે ચર્ચા થઈ હતી.કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે જાગૃત નાગરિક રાષ્ટ્રની ખરી મૂડી છે અને વિકાસ માનવજીવનની ગુણવત્તાનો પણ થવો જોઈએ. પ્રોવિડંડ ફંડ કમિશ્નર સંજયસિંહ ગુર્જરે દરેક નાગરિકમાં જવાબદાર માનસિકતાના વિકાસ પર ભાર મૂક્યો હતો. જ્યારે UPSC-IFS પાસ કરનાર જૈનીલ દેસાઈએ શિક્ષણ, સંસ્કાર ઘડતર અને રાષ્ટ્રીય સંપત્તિ પ્રત્યે માલિકીભાવને જાગૃત નાગરિકતા માટે જરૂરી ગણાવ્યા હતા.આ પ્રસંગે અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સુરત મહાનગરપાલિકા યુવા મોરચા તરફથી તમામ હાજર લોકોને ત્રિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે શિવ મહાપૂજાનો શુભારંભ થયો

ચલાલા,તા.૧૭

ચલાલા ખાતે ગાયત્રી સંસ્કાર ધામના સોમનાથ મહાદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહાપૂજાનો ભક્તિભાવપૂર્વક શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે સંસ્થાના વડા પ.પૂ. સંત ડૉ. રતિદાદા, ભારત ભૂષણ મહેશભાઈ, ડાયરેક્ટર શીતલબેન, શિક્ષકો, સ્ટાફ અને શિવભક્તોએ મહાપૂજાનો લાભ લીધો હતો. શ્રાવણ માસ દરમિયાન દરરોજ મહાપૂજા, આરતી અને વિશેષ શણગાર યોજાશે. ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા શિવભક્તોને દર્શન તથા ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા આમંત્રણ અપાયું છે.



# અમરેલી જિલ્લા ABRSM દ્વારા આવેદનપત્ર

**શિક્ષકોની ફરજમુક્તિ અને સસ્પેન્શનના હુકમો રદ કરવા રજૂઆત**

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા ABRSM દ્વારા ૧૭ ઓગસ્ટના રોજ વિવિધ પ્રશ્નોને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કેરળ રાજ્યમાં સ્વાતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકર સંબંધિત ક્વિઝમાં પ્રશ્ન પૂછવા બાબતે શિક્ષક ગુરુપ્રસાદની ફરજ મોકૂફીનો હુકમ તાત્કાલિક રદ કરી તેમને પુનઃસ્થાપિત કરવા માટે વડાપ્રધાન, કેરળના રાજ્યપાલ અને મુખ્યમંત્રીને જિલ્લા કલેકટર મારફતે રજૂઆત કરવામાં આવી હતી.સાબરકાંઠા જિલ્લાના હસનપુર પ્રાથમિક શાળામાં PM POSHAN મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શિક્ષકની ફરજમુક્તિ અને અન્યત્ર બદલીના હુકમની તેમજ આચાર્યને આપવામાં આવેલી ચાર્જશીટની પુનઃવિચારણા કરી બંને હુકમો રદ કરવા માંગ કરવામાં આવી હતી. શિક્ષકને મૂળ ફરજના સ્થળે પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને પણ જિલ્લા કલેકટર મારફતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



# અમદાવાદના મેમનગર ગુરુકુળમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

અમદાવાદ,તા.૧૭

અમદાવાદના મેમનગર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ૧૫મી ઓગસ્ટે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. ગુરુકુળના ૫૦૦ વિદ્યાર્થીઓએ અઢી કલાક સુધી દેશભક્તિથી ભરપૂર કાર્યક્રમ રજૂ કર્યો હતો. મહાભારતના વીર અભિમન્યુ, ભારતીય વાયુસેનાના ફાઈટર પાયલોટ અભિમન્યુ અને વીર સંભાજીના પરાક્રમોનું નાટ્યાત્મક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ બોમ્બે પીટી, માસ પરેડ, યોગાસન અને પિરામિડ જેવા કૌશલ્યો પણ રજૂ કર્યા હતા. દેશભક્તિના ગીત સાથે ૨૦૦ જેટલા બાળકોએ સમુદ્રની લહેરો જેવી રચના રજૂ કરી સૌને અચંબિત કર્યા હતા.

માધવપ્રિયદાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને બિરદાવતા આઝાદીના બલિદાનો યાદ કરી દેશની આઝાદી જાળવવાનો સંદેશ આપ્યો હતો.



# ઉનાના જશરાજનગરમાં સિંહે શિકાર કરી મિજબાની માણી

ઉના,તા.૧૭

ઉના શહેરથી માત્ર ૫ કિલોમીટર દૂર ગીરગઢડા રોડ પર આવેલા જશરાજનગર રહેણાક વિસ્તારમાં વહેલી સવારે સિંહે લટાર મારી હતી. સિંહે એક મકાન નજીક શિકાર કરી મિજબાની માણી હતી, જેના દૃશ્યો નજીકના CCTV કેમેરામાં કેદ થયા હતા. સોસાયટીમાં સિંહની અવરજવરથી રહીશોમાં ભય અને ચિંતા જોવા મળી રહી છે.


## CHANGE OF NAME

I Undersign I CHANDUBHAI DHIRUBHAI MESHIYA have changed my name from CHANDULAL DHIRUBHAI MESIYA To CHANDUBHAI DHIRUBHAI MESHIYA Now i will be known as CHANDUBHAI DHIRUBHAI MESHIYA
Sign : CHANDUBHAI DHIRUBHAI MESHIYA
Address: BHAKTINAGAR,PRATHMIK SHALA PACHHAL, AT- JASVANTGADH, DIST-AMRELI-365620

## CHANGE OF NAME

I Undersign I GOGDA SALIMBHAI MAHAMADBHAI have changed my name from GOGDA SALIM MAHAMADBHAI To GOGDA SALIMBHAI MAHAMADBHAI (New) Now i will be known as GOGDA SALIMBHAI MAHAMADBHAI (new)
Sign : GOGDA SALIMBHAI MAHAMADBHAI
Address: JIN PLOT,AT-BABRA DIST-AMRELI-365421 GUJARAT INDIA

-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં. ૩૯/૨૦૨૬
મરણ તારીખ :૦૯/૦૮/૨૦૧૯

ભરતભાઈ નરસીંગભાઈ વાળા,
રહે. કડોદરા, ગામ-કડોદરા
તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ
કે.જી.વાળા, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કડોદરા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભરતભાઈ નરસીંગભાઈ વાળા, રહે. કડોદરા, ગામ-કડોદરા, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના દાદી સ્વ. રાણીબેન લખરણભાઈ ચૌહાણનું મરણ તારીખ:૦૯/૦૮/૨૦૧૯ના રોજ કોડીનાર તાલુકાના કડોદરા ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલથી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦ માટેઃ જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક મગનભાઈ મોહનભાઈ જોગાણીની સ્વતંત્ર કબજા ભોગવટાની માલીકીની અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના કેરાળા ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૫૫૩, (જુનો રે.સ.નં. ૩), વાળી જમીન પુરેપુરી અથવા તે પૈકીના હિસ્સાનુ વેચાણથી આપવાનુ નક્કી કરેલ હોય અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનાર (૧) રફીકભાઈ રજાકભાઈ વંધેરા, તથા (૨) શ્રી હુસેનભાઈ રજાકભાઈ વંધેરા, (૩) આદિલભાઈ રજાકભાઈ વંધેરાની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૧૦ (દસ) માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નિચે જણાવ્યા મુજબના સરનામે રજી. એડી પોસ્ટથી રજુ કરવા જો તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ
JAGDISH G. ASODARIYA
Advocate (Guj. High Court)
G-798/2018
At. Lathi, Ta. Lathi, Dist.Amreli
Mo. 93160 68456

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
(મગનભાઈ મોહનભાઈ જોગાણી)

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક કાળુભાઈ મોહનભાઈ જોગાણીની સ્વતંત્ર કબજા ભોગવટાની માલીકીની અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના કેરાળા ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૫૫૪, (જુનો રે.સ.નં. ૨ પૈકી ૨), વાળી જમીન પુરેપુરી અથવા તે પૈકીના હિસ્સાનુ વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનાર (૧) રફીકભાઈ રજાકભાઈ વંધેરા, તથા (૨) શ્રી હુસેનભાઈ રજાકભાઈ વંધેરા, (૩) આદિલભાઈ રજાકભાઈ વંધેરાની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૧૦(દસ) માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નિચે જણાવ્યા મુજબના સરનામે રજી. એડી પોસ્ટથી રજુ કરવા જો તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ
JAGDISH G. ASODARIYA
Advocate (Guj. High Court)
G-798/2018
At. Lathi, Ta. Lathi, Dist.Amreli
Mo. 93160 68456

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
(કાળુભાઈ મોહનભાઈ જોગાણી)

-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં. ૩૮/૨૦૨૬
મરણ તારીખ :૧૪/૦૭/૧૯૯૭

ભરતભાઈ નરસીંગભાઈ વાળા,
રહે. કડોદરા, ગામ-કડોદરા
તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ
કે.જી.વાળા, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કડોદરા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભરતભાઈ નરસીંગભાઈ વાળા, રહે. કડોદરા, ગામ-કડોદરા, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના દાદા સ્વ.લખમણભાઈ ભગવાનભાઈ વાળાનું મરણ તારીખ:૧૪/૦૭/૧૯૯૭ના રોજ કોડીનાર તાલુકાના કડોદરા ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦ માહેઃ જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## શ્રી ગીરીયા સેવા સહકારી મંડળી લી.

નોંધણી નંબર : ૨૧૦૦૩ સ્થાપના તા. : ૨૩/૧૦/૧૯૫૩
મુ. ગીરીયા, તા.જી. અમરેલી.

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી ગીરીયા સેવા સહકારી મંડળી લી., નું હાલનું કાર્યક્ષેત્ર ગીરીયા ગામ પુરતું છે. પરંતુ મંડળીના વિકાસ અર્થે અમે અમારી મંડળનું કાર્યક્ષેત્ર અમરેલી શહેર તથા અમરેલી તાલુકાનું કરવા જઈ રહ્યા છીએ. જે અનુસંધાને અમોએ જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ સહકારી મંડળીઓ અમરેલીને પેટા કાયદા સુધારાની દરખાસ્ત કરવાની થતી હોય તો અમારી મંડળીના કાર્યક્ષેત્ર વિસ્તરણ અંગે અમરેલી શહેર કે અમરેલી તાલુકાની આ પ્રકારનું કામ કરતી મંડળને કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય અને આ અંગે કોઈ રજુઆત હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર નીચે જણાવેલ સરનામા ઉપર ઓફિસ સમય અને રજાના દિવસ સિવાય મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા આ પ્રસ્તુત બાબતે કોઈને કોઈપણ જાતનો વાંધો કે તકરાર નથી તેમ માની અને યોગ્ય નિર્ણય કરવામાં આવશે, જેની નોંધ લેવા વિનંથી.

— વાંધા તકરાર મોકલવાનું સરનામું —
શ્રી ગીરીયા સેવા સહકારી મંડળી લી.
C/o. પટેલ ફુલહાર ટાવર રોડ, અમરેલી
જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી
સી-ત્રીજો માળ, બહુમાળી ભવન, અમરેલી

# ભાજપની રાષ્ટ્રીય ટીમમાં સ્મૃતિ ઈરાની, વસુંધરા રાજે અને રામ માધવને મહત્વની જવાબદારી

નવીદિલ્હી, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને સોમવારે પાર્ટીના નવી રાષ્ટ્રીય પદાધિકારીઓની જાહેરાત કરી છે. નવી ટીમમાં અનેક વરિષ્ઠ નેતાઓને મહત્વની જવાબદારી આપવામાં આવી છે. નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે.રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયા સહિત ૧૩ નેતાઓને રાષ્ટ્રીય



ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. સ્મૃતિ ઈરાની અને વિનોદ તાવડેને રાષ્ટ્રીય મહામંત્રીની જવાબદારી સોંપવામાં આવી છે. રામ માધવ અને બૈજયંત જય પાંડાને પણ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવાયા છે.બી.એલ. સંતોષને રાષ્ટ્રીય મહામંત્રી સંગઠન તરીકે યથાવત રાખવામાં આવ્યા છે, જ્યારે શિવ પ્રકાશ અને સૌદાન સિંહને સંયુક્ત મહામંત્રી સંગઠનની જવાબદારી અપાઈ છે.નવી ટીમમાં મહિલા નેતાઓને પણ મહત્વ આપવામાં આવ્યું છે. વસુંધરા રાજે, ડી. પુરંદેશ્વરી, રેખા વર્મા, વર્ષાબેન દોશી અને ભારતી પ્રવીણ પવાર સહિત અનેક મહિલાઓને રાષ્ટ્રીય જવાબદારી મળી છે. ગુજરાતમાંથી વર્ષાબેન દોશી, જગદીશ પટેલ, રોહન ગુપ્તા અને હેમંત જોશીને પણ સંગઠનમાં સ્થાન મળ્યું છે.

# ૧૪ રાજ્યોમાં શહઝાદ ભટ્ટી નેટવર્કને તોડવા સુરક્ષા એજન્સીએ ૨૦૦ લોકોની ધરપકડ કરી

**સુરક્ષા એજન્સીઓએ નેટવર્કની આતંકવાદી હુમલાની યોજનાઓને નિષ્ફળ બનાવી હોવાનો દાવો**

નવીદિલ્હી, તા. ૧૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓએ પાકિસ્તાન સ્થિત શહઝાદ ભટ્ટી નેટવર્ક સામે દેશના ૧૪ રાજ્યોમાં




મોટી કાર્યવાહી કરી છે. આ સંયુક્ત ઓપરેશનમાં ૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. સુરક્ષા એજન્સીઓએ નેટવર્કની આતંકવાદી હુમલાની યોજનાઓને નિષ્ફળ બનાવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.ઓપરેશન દરમિયાન ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો, પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરીના નિશાનવાળા ગ્રેનેડ, પિસ્તોલ, જીવંત દારૂગોળો અને સીસીટીવી કેમેરા મળી આવ્યા હતા.

અમિત શાહે આ કાર્યવાહીને આતંકવાદ સામેની ભારતની ઝીરો ટોલરન્સ નીતિ ગણાવી હતી.આ નેટવર્ક ભરતી, ઓનલાઈન કટ્ટરપંથીકરણ, જાસૂસી, હથિયારોની વ્યવસ્થા અને સ્લીપર સેલ ઉભા કરવામાં સંકળાયેલું હોવાનો આરોપ છે. આસામમાં અગાઉ ત્રણ લોકોની ધરપકડ બાદ તપાસ આગળ વધી હતી. તપાસમાં પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ સાથેના સંબંધો પણ સામે આવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

# ચિદમ્બરમ 'માનસિક નક્સલ' નહીં, શુધ્ધ નક્સલવાદી છે: હિમંતા બિસ્વા શર્મા

નવી દિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૫ ઓગસ્ટના લાલ કિલ્લાના સંબોધનમાં કરાયેલા 'વિચારહીન નક્સલવાદીઓ'ના ઉલ્લેખને લઈને રાજકીય વિવાદ વકર્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે પોતાને 'માનસિક નક્સલ' કહેવામાં ગર્વ હોવાનું નિવેદન આપ્યા બાદ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ વળતો પ્રહાર કર્યો છે. તેમણે ચિદમ્બરમને 'માનસિક નક્સલ' નહીં પરંતુ 'શુધ્ધ નક્સલવાદી' ગણાવ્યા હતા. શર્માએ ચિદમ્બરમ ગૃહમંત્રી હતા તે સમયગાળામાં નક્સલવાદ સામે લેવાયેલા પગલાંની તપાસની પણ માંગ કરી હતી. ભાજપ નેતાઓએ પણ ચિદમ્બરમના નિવેદનની ટીકા કરી હતી. ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદી અને સાંસદ રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પર નક્સલવાદને લઈને સવાલો ઉઠાવ્યા હતા. આ મુદ્દે રાજકીય નિવેદનબાજી વધુ તેજ બની છે.

# 'દિમાગી નક્સલ પાર્ટી': પીએમ મોદીના નિવેદન બાદ સોશિયલ મીડિયા પર નવુ એકાઉન્ટ સામે આવ્યું

નવી દિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૫ ઓગસ્ટના ભાષણમાં 'દિમાગી નક્સલ' શબ્દના ઉલ્લેખ બાદ સોશિયલ મીડિયા પર આ નામથી નવું રાજકીય અભિયાન શરૂ થયું છે. 'કોકરોચ જનતા પાર્ટી' બાદ હવે 'દિમાગી નક્સલ પાર્ટી' અને 'દિમાગી નક્સલ જનતા પાર્ટી' નામના એકાઉન્ટ્સ ચર્ચામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, એક



ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટે ૨૪ કલાકમાં ૧.૯ લાખથી વધુ ફોલોઅર્સ મેળવ્યા હતા. જોકે, આ એકાઉન્ટ કોણ ચલાવે છે તેની સત્તાવાર માહિતી ઉપલબ્ધ નથી. અભિયાનનું સૂત્ર 'વિચારો, સંશોધન કરો, વિરોધ કરો' રાખવામાં આવ્યું છે. વડાપ્રધાનના નિવેદન બાદ કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમ સહિત વિપક્ષી નેતાઓએ પ્રતિક્રિયા આપી હતી. બીજી તરફ, કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ 'દિમાગી નક્સલ' શબ્દનો અર્થ સમજાવતાં માઓવાદીઓને સમર્થન આપનારા અને બંધારણનો અનાદર કરનારા લોકો માટે આ શબ્દનો ઉપયોગ થતો હોવાનું જણાવ્યું હતું. સોશિયલ મીડિયા પર આ મુદ્દે રાજકીય ચર્ચા તેજ બની છે.

# ભાજપનો જમ્મુમાં નેશનલ કોન્ફરન્સ સરકાર સામે મોટો વિરોધ નોંધાવ્યો

જમ્મુ, તા.૧૭

જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સની સરકાર સામે ભાજપે સોમવારે જમ્મુમાં મોટો વિરોધ પ્રદર્શન યોજ્યો હતો. પ્રદેશ ભાજપ પ્રમુખ સત શર્માના નેતૃત્વમાં સેંકડો કાર્યકરો રસ્તા પર ઉતર્યા હતા. ભાજપે સરકાર પર ચૂંટણી દરમિયાન આપેલા વચનો પૂરા ન કરવા, બેરોજગારીનો ઉકેલ લાવવામાં નિષ્ફળ રહેવા અને વિકાસના મુદ્દાઓની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો. ડોગરા ચોક, મહેશપુરા અને પંજતીર્થીથી કાર્યકરોએ સિવિલ સચિવાલય તરફ કૂચ કરી હતી. કાર્યકરોએ નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધન સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. સત શર્માએ કહ્યું કે જનતાના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ભાજપ આંદોલન વધુ ઉગ્ર બનાવશે. ભાજપ નેતાઓએ ભ્રષ્ટાચાર, વહીવટી નિષ્ફળતા અને નબળા શાસનનો આરોપ લગાવી મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના રાજીનામાની માંગ કરી હતી.

# ઝારખંડમાં JSSC-CGL પરીક્ષા રદ: ૨૦૧૪ થી અત્યાર સુધીની તમામ ભરતીઓની CID તપાસ થશે

ઝારખંડ, તા.૧૭

વિદ્યાર્થીઓના ૨૪ દિવસ લાંબા વિરોધ પ્રદર્શન અને ભૂખ હડતાળ બાદ ઝારખંડ સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લેતા JSSC-CGL પરીક્ષા રદ કરી છે. મુખ્યમંત્રી હેમંત સોરેને કેબિનેટ બેઠક બાદ જાહેરાત કરી કે, ૨૦૧૪થી અત્યાર સુધી યોજાયેલી તમામ ભરતી પરીક્ષાઓની તપાસ CID કરશે.



આ ઉપરાંત, JPSC પરીક્ષાની ગેરરીતિઓની તપાસ નિવૃત્ત ન્યાયાધીશની દેખરેખ હેઠળ કરાવવામાં આવશે. તપાસ અંતર્ગત CIDની ટીમે JSSC કાર્યાલયમાં દરોડા પાડીને સચિવ સુધીર ગુપ્તાની પૂછપરછ કરી છે તથા પરીક્ષા લક્ષી મહત્વના દસ્તાવેજો ચકાસ્યા છે. બીજી તરફ, લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ CM સોરેનને પત્ર લખીને આંદોલનકારી વિદ્યાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તેમનો વિશ્વાસ જીતવા અપીલ કરી હતી. જોકે, જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમમાં સતત વિરોધ કરી રહેલા ઉમેદવારો હજુ પણ આ સમગ્ર મામલે CBI તપાસની માગ પર અડગ રહ્યા છે.

# ઉજ્જૈનમાં મહાકાલ મંદિર સંકુલમાં આવેલા નાગચંદ્રેશ્વર મંદિર પાસે ભાગદોડ થતા ૬ ઘાયલ

ઉજ્જૈન, તા.૧૭

મહાકાલ મંદિર સંકુલમાં આવેલા શ્રી નાગચંદ્રેશ્વર મંદિરમાં સોમવારે સવારે દર્શન માટે રાહ જોઈ રહેલા શ્રધ્ધાળુઓ વચ્ચે વીજળીનો કરંટ ફેલાવાની અફવા બાદ ભાગદોડ મચી હતી. નીલકંઠ ગેટ પાસે થયેલી આ ઘટનામાં આશરે છ શ્રધ્ધાળુઓ ઘાયલ થયા હતા. બીજી તરફ, હરસિધ્ધિ મંદિર સામે બેરિકેડવાળા



વિસ્તારમાં ભીડના દબાણને કારણે ૧૩ શ્રધ્ધાળુઓની તબિયત લથડી હતી.

તમામને તાત્કાલિક ચરક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ભાગદોડ દરમિયાન બેરિકેડ સાથે અથડાતા ગુજરાતના હરિશ્ચંદ્રને પગમાં ગંભીર ઈજા થઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ભીડને નિયંત્રિત કરી હતી. થોડા સમય માટે દર્શન વ્યવસ્થા ખોરવાઈ હતી, પરંતુ બાદમાં વ્યવસ્થા સુચારુ કરવામાં આવી હતી. શ્રધ્ધાળુઓએ ભીડ વ્યવસ્થાપન અને દર્શન વ્યવસ્થા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા.

# રૂ.૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા વધીને ૫૭૬ થઈ

નવી દિલ્હી, તા.૧૭

ભારતમાં ઉચ્ચ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. SBI રિસર્ચના અહેવાલ મુજબ, આકારણી વર્ષ ૨૦૨૬માં રૂ.૧૦૦ કરોડ કે તેથી વધુ વાર્ષિક આવક જાહેર કરનારા કરદાતાઓની સંખ્યા ૩૯ ટકા વધીને ૫૭૬ થઈ છે. આકારણી વર્ષ ૨૦૨૫માં આ સંખ્યા ૪૧૫



હતી. બીજી તરફ, રૂ.૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા પણ ૧૪ ટકા વધીને ૫,૩૫,૬૭૨ થઈ છે. ૨૦૨૨માં આ સંખ્યા ૧,૯૩,૮૦૦ હતી. અહેવાલ મુજબ, છેલ્લા ચાર વર્ષમાં રૂ.૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા લગભગ બમણી થઈ છે, જ્યારે રૂ.૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા ચાર ગણી વધી છે. SBI રિસર્ચે ભારતીય અર્થતંત્ર માટે પણ સકારાત્મક અંદાજ વ્યક્ત કર્યો છે.

# વંદે માતરમ વિવાદ: સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુધ્ધ પોલીસ ફરિયાદ

નવી દિલ્હી, તા.૧૭

વંદે માતરમના ગાનને લઈને કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુધ્ધ દિલ્હીમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના વકીલ શુભમ શર્માએ ૧૬ ઓગસ્ટે આઈપી એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ ૧૫ ઓગસ્ટે કોંગ્રેસ મુખ્યાલયમાં યોજાયેલા સ્વતંત્રતા દિવસના કાર્યક્રમને લઈને કરવામાં આવી છે. ફરિયાદમાં સોનિયા ગાંધીના કેટલાક ઈશારાઓ અને રાહુલ ગાંધીના એક કથિત વીડિયોને ટાંકીને વંદે માતરમના ગાનમાં અવરોધ ઉભો કરવાનો આરોપ મૂકાયો છે. ફરિયાદીએ સમગ્ર મામલે તપાસ કરી એફઆઈઆર નોંધવાની માંગ કરી છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે કથિત ઘટના અંગે ફરિયાદની તપાસ ચાલી રહી છે. બીજી તરફ, મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુધ્ધ ફરિયાદ કરી છે.

# UGC-NETની ત્રણ પરીક્ષાઓ રદ થતાં રાહુલ ગાંધીનો કેન્દ્ર સરકાર પર પ્રહાર

નવી દિલ્હી, તા.૧૭

UGC-NETની અંગ્રેજી, વાણિજ્ય અને સમાજશાસ્ત્રની પરીક્ષાઓ રદ કરાતા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે પરીક્ષાઓમાં થયેલી ભૂલોનો ભોગ વિદ્યાર્થીઓ બની રહ્યા છે. રાહુલ ગાંધીએ સોશિયલ



મીડિયા પર જણાવ્યું કે હજારો વિદ્યાર્થીઓએ વર્ષો સુધી તૈયારી કરી, ફી ભરી અને પરીક્ષા કેન્દ્રો સુધી મુસાફરી કરી, પરંતુ હવે તેમને ફરી પરીક્ષા આપવી પડશે. તેમણે પ્રશ્ન કર્યો કે શું પરીક્ષાના પ્રશ્નપત્રો પરીક્ષા પહેલાં લીક થયા હતા? રાહુલ ગાંધીએ NTAના નેતૃત્વને જવાબદાર ઠેરવવાની માંગ કરી હતી. દરમિયાન, NTAએ UGC-NETની ત્રણ પરીક્ષાઓમાં પ્રશ્નપત્રની છાપકામ, ટાઈપોગ્રાફિકલ, અનુવાદ અને અન્ય ભૂલોની ફરિયાદોને પગલે પરીક્ષા રદ કરી છે. ત્રણેય વિષયની પરીક્ષાઓ સપ્ટેમ્બરમાં ફરી યોજાશે.

# રશિયા-યુક્રેન યુધ્ધમાં લક્ષ્મી મિત્તલની ફેક્ટરી પર હુમલા થતા બે લોકોના મોત

મોસ્કો, તા. ૧૭

રશિયા-યુક્રેન યુધ્ધ વચ્ચે રશિયન ડ્રોન અને મિસાઈલોએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીના વતન ક્રાયવી રીહમાં લક્ષ્મી મિત્તલની આર્સેલરમિત્તલ સ્ટીલ ફેક્ટરીને નિશાન બનાવી હતી. હુમલામાં બે લોકોના મોત થયા છે અને ૧૪ કામદારો ઘાયલ થયા હોવાનું યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું છે.મિસાઈલ હુમલાને



કારણે ફેક્ટરીના પાવર અને બ્લાસ્ટ ફર્નેસ વિભાગને નુકસાન થયું છે. પરિણામે ઉત્પાદન કામગીરી આંશિક રીતે બંધ કરવામાં આવી છે. આર્સેલરમિત્તલ ક્રાયવી રીહે પણ હુમલાની પુષ્ટિ કરી છે.આ કાર્યવાહી યુક્રેન દ્વારા રશિયા પર કરવામાં આવેલા મોટા ડ્રોન હુમલાના જવાબમાં થઈ હોવાનું જણાવાયું છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો કે રાતોરાત ૮૨૨ યુક્રેનિયન ડ્રોનને અટકાવવામાં આવ્યા હતા.મોસ્કો અને રોસ્ટોવ સહિતના વિસ્તારોમાં પણ યુક્રેનના ડ્રોન હુમલાથી જાનહાનિ અને નુકસાન થયું છે. બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણા અટકી જતા લાંબા અંતરના હવાઈ હુમલા વધુ તીવ્ર બન્યા છે.

# યુપીના મુઝફ્ફરનગરમાં ચાર મહિનામાં ૨૨ને ફાંસીની સજા ફરમાવવામાં આવી

મુઝફ્ફરનગર,તા.૧૭

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન સેશન્સ કોર્ટના ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરે ૧૦ જઘન્ય કેસોમાં ૨૨ દોષિતોને મૃત્યુદંડની સજા સંભળાવી છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશના ન્યાયિક ઈતિહાસમાં આ એક દુર્લભ રેકોર્ડ છે. અગાઉ બરેલી સહિત તેમણે કુલ ૩૫ દોષિતોને ફાંસી ફટકારી છે. જોકે, આ તમામ સજાઓ માટે હાઈકોર્ટની આખરી મંજૂરી મેળવવી જરૂરી છે.

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિપક વી. નાગ્રેચા**, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી **(૧) રીંકુબેન પ્રણવભાઈ પરમાર તથા (૨) નિધીબેન રમેશભાઈ પરમાર**, બન્ને રહે, અમરેલીવાળા કે જેઓએ અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં ચિતલ રોડ રસ્તે **"ગુરૂકૃપાનગર"** માં આવેલ **રે.સ.નં. ૩૫ પૈકી** ની બીનખેડવાણ પ્લોટ **નં.૧૦૮ પૈકી** ની જમીન મકાન મિલ્કત આવેલ છે તેના ચો.મી-૬૦.૦૦ છે. જેનુ બાંધકામ કુલ ચો.મી ૭૨-૯૬ છે. સદરહું મકાન મિલ્કતના ટાઈટલ કલીયર માટે અમારા ઉપરોકત અસીલક્ષીઓએ માંગણી કરેલ છે.

સદદરહુ મકાન મિલ્કતવાળી પ્લોટની જમીનના મુળ માલીક મકરૂબરહેમાન સમશેરરહેમાન કાદરી વિગેરે પાસેથી તા.૨૬/૦૩/૧૯૪૯ના રોજ વાઘજીભાઈ માવજીભાઈએ રજી વેચાણ ૬.નં.૭૫૮-અ થી વેચાલ રાખેલ છે ત્યાર બાદ તે લેખ નં.૫૭૬ થી તા.૧૫/૦૪/૧૯૯૯ના રોજ નોંધાયેલ છે. તેઓ પાસેથી તુલસીભાઈ જેરામભાઈ છોડવડીયાએ તા.૧૮/૦૯/૧૯૯૬ના રોજ રજી વેચાણ દ.નં.૨૨૯૪થી વેચાણ રાખેલ છે. ત્યારબાદ તેઓ પાસેથી નરેન્દ્રકુમાર શીવાજીભાઈ રાઠોડે તા.૦૨/૦૧/૧૯૯૮ના રોજ રજી વેચાણ દ.નં.૨૦થી વેચાણ રાખેલ છે. ત્યારબાદ તેઓ પાસેથી રજી વેચાણ દ.નં.૧૨૫રથી વિજયાબેન ધીરૂભાઈ પરમારે તા.૨૭/૦૫/૨૦૦૩ના રોજ વેચાણ રાખેલ છે તેઓનું અવસાન થતા તેમના રજી.વીલ લેખ નં.૩૬૮૭થી વિપુલ ધીરજલાલ પરમારને મળેલ ત્યાર બાદ તેમની પાસેથી અમારા ઉપરોક્ત અસીલોએ સંયુક્તરીતે તા.૧૩/૦૩/૨૦૨૩ના રોજ રજી.વે.દ.નં.૧૧૮૪થી વેચાણ રાખેલ છે તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત વીલ લેખથી થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં જે.એમ.ફાયનાન્સીયલ હોમ લોન લી. અમરેલી બ્રાન્ચ સીવાય અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ./વીલ લેખ દવારા ઉપરોક્ત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરનું મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ બે માં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવું. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ચાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૧૫/૦૮/૨૦૨૬.**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,ભીડ ભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી.**

**દિપક વી. નાગ્રેચા**
**એડવોકેટ અમરેલી.**

# દક્ષિણ ગુજરાતમાં મોસમનો સરેરાશ વરસાદ ૧૦૦ટકાને પાર, કચ્છમાં સ્થિતિ ચિંતાજનક



ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં ચોમાસાની વિદાયને હજુ મહિનો બાકી છે, ત્યારે દક્ષિણ ગુજરાતમાં સિઝનનો સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર પહોંચી ગયો છે. ગાંધીનગર રાજ્ય ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ના આંકડા મુજબ, ૧૬ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં સરેરાશ ૭૪.૧૧ ટકા વરસાદ નોંધાયો છે.

દક્ષિણ ગુજરાતના નવસારીમાં ૧૧૯.૮૩ ટકા, વલસાડમાં ૧૧૨.૯૭ ટકા અને સુરતમાં ૧૦૪.૫૧ ટકા વરસાદ નોંધાયો છે. આ ત્રણ જિલ્લામાંથી ૬૮,૨૬૬ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. બીજી તરફ કચ્છ સહિત રાજ્યના ૮ જિલ્લામાં સિઝનનો વરસાદ હજુ ૫૦ ટકાથી ઓછો નોંધાયો છે. કચ્છમાં અત્યાર સુધીમાં માત્ર ૨૯.૨૫ ટકા (૫.૭૩ ઈંચ) વરસાદ થતાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે, જ્યારે દેવભૂમિ દ્વારકામાં સૌથી ઓછો ૬.૪૧ ટકા વરસાદ થયો છે.

# ભાજપની નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતના ચાર નેતાઓને સ્થાન, હેમાંગ જોષી રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષ બન્યા




અમદાવાદ,તા.૧૭

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન દ્વારા નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાંથી ચાર નેતાઓને રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમાં રોહન ગુપ્તાની એન્ટ્રીને સૌથી મોટી સરપ્રાઈઝ માનવામાં આવી રહી છે. તેઓ અઢી વર્ષ પહેલાં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા અને હવે તેમને રાષ્ટ્રીય મંત્રીની જવાબદારી સોંપવામાં આવી છે.રાષ્ટ્રીય સંગઠનમાં જગદીશ ઈશ્વરભાઈ પટેલને સ્થાન આપીને પણ ભાજપે આશ્ચર્ય સર્જ્યું છે. વર્ષ ૨૦૨૦ બાદ ફરી એક વખત ગુજરાતને રાષ્ટ્રીય સંગઠનમાં પ્રતિનિધિત્વ મળ્યું છે. ૨૦૨૦માં ભાવનગરના તત્કાલીન સાંસદ ભારતીબેન શિયાળને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા, જેમની ટર્મ ૨૦૨૩માં પૂર્ણ થઈ હતી. નવી ટીમમાં વર્ષા દોશી, ડો. હેમાંગ જોશી, જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને રોહન ગુપ્તાનો સમાવેશ થયો છે. વર્ષા દોશી પાસે સંગઠન અને મહિલા નેતૃત્વનો લાંબો અનુભવ છે. જગદીશ પટેલ પાસે પૂર્વ ધારાસભ્ય તરીકેનો સત્તા અને સંગઠનનો અનુભવ છે. રોહન ગુપ્તા ડિજિટલ મીડિયા અને રાજકીય કમ્યુનિકેશનમાં અનુભવ ધરાવે છે, જ્યારે ડો. હેમાંગ જોશી યુવાઓમાં લોકપ્રિય ચહેરા તરીકે જાણીતા છે અને જનરેશન-ઝેડ સાથે પણ સરળતાથી જોડાઈ શકે છે.

# અમદાવાદમાં કાર રેન્ટલ કંપની સાથે રૂ. ૨.૩૬ કરોડની છેતરપિંડી, ૧૫ લક્ઝરી કાર લઈ ૧૦ શખ્સો ફરાર

**શખ્સોએ કારમાં લાગેલી જીપીએસ સીસ્ટમ બંધ કરી રફુચક્કર થયા**

અમદાવાદ, તા.૧૭

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલી 'ગો વિથ ઝૂપ' કાર રેન્ટલ કંપની સાથે રૂ. ૨.૩૬ કરોડથી વધુની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ થાર, ઓડી, ફોર્ચ્યુનર અને સ્કોર્પિયો સહિતની ૧૫ લક્ઝરી કાર ભાડે લીધા બાદ પરત કરી નહોતી. ફરિયાદ અનુસાર, ગ્રાહક બનીને આવેલા ૧૦ શખ્સોએ કાર ભાડે લીધા બાદ તેમાં લાગેલી જીપીએસ (GPS) સિસ્ટમ બંધ કરી દીધી હતી અને સંપર્કવિહોણા થઈ ગયા હતા.

કંપનીના માલિક સૌરભ ગુપ્તાની ફરિયાદના આધારે પોલીસે ૧૦ લોકો સામે ગુનો નોંધી, વાહનો અને આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# DCP નકુમના બચાવમાં ભાજપ નેતા મુકેશ ગુજરાતીએ હાઈકોર્ટના જજ સામે ટિપ્પણી કરતા વકીલોનો ભારે વિરોધ



અમદાવાદ,તા.૧૭

સુરતના ડીસીપી (DCP) રાજદીપસિંહ નકુમ સામે હાઈકોર્ટમાં ચાલી રહેલા સુઓ મોટો કેસ દરમિયાન ભાજપ નેતા મુકેશ ગુજરાતીની સોશિયલ મીડિયા પોસ્ટથી નવો વિવાદ સર્જાયો છે. જજ અંગે કટાક્ષ કરતી ટિપ્પણી સામે ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને ભારે વિરોધ નોંધાવ્યો છે.

એસોસિએશનના પ્રમુખ યતીન ઓઝાની આગેવાની હેઠળ યોજાયેલી બેઠકમાં આ ટિપ્પણીને ન્યાયતંત્રની ગરિમા પર પ્રહાર ગણાવી સખત શબ્દોમાં નિંદા કરવામાં આવી હતી. મુકેશ ગુજરાતીને ભાજપના સંગઠનાત્મક પદ પરથી હટાવવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સમક્ષ રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, આરોપીઓને જાહેરમાં માર મારવાના મામલે હાઈકોર્ટે કડક વલણ અપનાવી ડીસીપીની બદલી અંગે સૂચન કર્યું હતું. જે બાદ ભાજપ નેતાએ જજ સામે પોસ્ટ કરી હતી. વકીલોની મંડળીએ આ કેસમાં ઈન્ટરવેન્શન અરજી દાખલ કરવાનો પણ નિર્ણય લીધો છે.

# અમદાવાદમાં AMC કર્મચારી બની BSNLના ડક્ટમાંથી ૭ લાખના કોપર કેબલની થઈ ચોરી

**વાસણા પોલીસે દરોડો પાડી ૪ શખ્સોને ઝડપી પાડી કાર્યવાહી કરી**

અમદાવાદ,તા.૧૭

અમદાવાદના વાસણા વિસ્તારમાં એએમસી (AMC) કર્મચારીઓનો સ્વાંગ રચીને બીએસએનએલ (BSNL) ના ડક્ટમાંથી રૂ. ૭ લાખના કોપર કેબલની ચોરી કરતી શાતિર ટોળકીનો પોલીસે પર્દાફાશ કર્યો છે.

આરોપીઓ રેડિયમ જેકેટ પહેરી, ટ્રાફિક મેનેજમેન્ટનો દેખાવ કરી ક્રેનની મદદથી કેબલ કાઢતા હતા. બીએસએનએલ સ્ટાફની બાતમીના આધારે વાસણા પોલીસે દરોડો પાડી રવિકાંત શર્મા, વિષ્ણુ યાદવ, જિતેષ યાદવ અને રાહુલ ભરવાડ નામના ૪ શખ્સોને ઝડપી લીધા છે, જ્યારે ફરાર અન્ય સાગરીતોની શોધોખોળ ચાલુ છે.

# સુરતમાં સતત બીજા દિવસે દારૂની મહેફિલ ઝડપાઈ, ૬ વેપારીઓની કરાઈ ધરપકડ



સુરત,તા.૧૭

સુરતમાં બે દિવસમાં વધુ એક દારૂની મહેફિલ ઝડપાઈ છે. ૧૬ ઓગસ્ટની મોડી રાત્રે ડુમસ રોડના સાયલન્ટ ઝોન વિસ્તારમાં આવેલી રાજહંસ બેલિઝા બિલ્ડિંગના ટાવર-Bના ફ્લેટ નંબર ૧૩૧૭માં પોલીસે દરોડો પાડ્યો હતો. ફ્લેટમાં છ વેપારીઓ કોઈપણ પ્રકારની પરમિટ વિના વિદેશી દારૂની મહેફિલ માણતા ઝડપાયા હતા.

પોલીસે ફ્લેટની તલાશી લેતા જમણી બાજુના રૂમના કબાટમાંથી વિદેશી દારૂની ૧૪ બોટલો મળી આવી હતી. પોલીસે ફ્લેટ માલિક અનુપ પુરુષોત્તમભાઈ પાંપાળીયા સહિત ગોપાલ ઓમપ્રકાશ રાઠી, ધીરજ જગદીશભાઈ પાંપાળીયા, આનંદ ભાગીરથ પાંપાળીયા, મુદસીર નાઝીર માંકડા અને ગગન સંતોષકુમાર ચાંડકની ધરપકડ કરી હતી.

પોલીસે રૂ.૧.૦૭ લાખની કિંમતનો દારૂ, રૂ.૪ લાખના ૮ મોબાઈલ ફોન અને રૂ.૫ લાખની કાર સહિત કુલ રૂ.૧૦.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર મામલે પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છ

# રાજકોટની સગીરાને અમદાવાદ લાવી દુષ્કર્મ આચરવાના કેસમાં બે વિધર્મીની કરાઈ ધરપકડ




રાજકોટ,તા.૧૭

રાજકોટમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરવાની વધુ એક શરમજનક ઘટના સામે આવી છે. આ મામલે બી ડિવિઝન પોલીસે મુખ્ય આરોપી અરમાન અયુબ શેખ અને તેના મિત્ર અફઝલ રફીક શેખ વિરુધ્ધ પોક્સો (POCSO) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે.

તપાસ અનુસાર, આરોપી અફઝલની મદદથી સગીરાને કારમાં રાજકોટથી અમદાવાદ લાવવામાં આવી હતી. ત્યારબાદ અમદાવાદની એક હોટલમાં સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદના વેજલપુર વિસ્તારમાં પણ આવી જ એક ઘટના બની હતી, જેમાં ૨૫ વર્ષીય જુનેદ શેખ નામના યુવકે સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું અને ન્યૂડ વિડિયો બનાવી તેને પોર્ન સાઈટ પર અપલોડ કરી બ્લેકમેલ કરી હતી. વેજલપુર પોલીસે પણ આ ગુનામાં આરોપીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# અમદાવાદના રાણીપમાં પોલીસ ચોકી નજીક યુવકની ઘાતકી હત્યા, ૮થી ૧૦ શખસો સામે ગુનો નોધાયો



અમદાવાદ,તા.૧૭


અમદાવાદના રાણીપ વિસ્તારમાં આરટીઓ (RTO) ચાર રસ્તા પાસે આવેલા પોલીસ ચોકી નજીક જ કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી એક સનસનાટીભરી હત્યાનો બનાવ બન્યો છે. જૂની અદાવતમાં ૩૭ વર્ષીય અજય સાલ્વી નામના યુવક પર ૮થી ૧૦ શખસોના ટોળાએ તલવાર અને ધારિયા જેવા ધારદાર હથિયારો વડે જાહેર રોડ પર ઘાતકી હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન અજયની પીઠ અને શરીર પર ૧૫થી વધુ ગંભીર ઘા ઝીંકાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસ તપાસ મુજબ અગાઉના એક ઝઘડામાં મદ્રાસી સમાજનો પક્ષ લેવા બાબતે મુખ્ય આરોપી વિશાલ ચૌહાણ તેની અદાવત રાખતો હતો. પોલીસે સીસીટીવી (CCTV) ફૂટેજના આધારે ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# આંતરીક વિખવાદને કારણે સુરતમાં સુમુલ ડેરીના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી મોકૂફ

સુરત,તા.૧૭

સુરતની સુમુલ ડેરીના પ્રમુખ અને ઉપપ્રમુખની ૧૭ ઓગસ્ટે યોજાનારી ચૂંટણી અચાનક મોકૂફ રાખવામાં આવી છે. સત્તાવાર રીતે વહીવટી કારણો દર્શાવવામાં આવ્યા છે, પરંતુ સહકારી વર્તુળોમાં ભાજપમાં આંતરિક વિખવાદ અને નામ અંગે સંમતિ ન સધાતાં નિર્ણય લેવાયાની ચર્ચાઓ ચાલી રહી છે. સુમુલની ૧૫ બેઠકો પર ભાજપ પ્રેરિત પેનલ વિજેતા બની હતી. ૧૨ ઓગસ્ટે વહીવટદારની મુદત પૂર્ણ થયા બાદ પણ સત્તા હસ્તાંતરણમાં વિલંબ થતાં પૂર્વ ડિરેક્ટર જયેશ પટેલે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે વહીવટદારના શાસન દરમિયાન પશુપાલકોને વધેલા ભાવનો લાભ મળ્યો નથી. જો આગામી ૧૦ દિવસમાં નવી ચૂંટણી તારીખ જાહેર નહીં કરાય, તો સુમુલ ડેરીનો ઘેરાવ કરી આંદોલન કરવાની ચીમકી તેમણે આપી છે.

# આણંદની પ્રાથમિક શાળામાંથી દારૂની બોટલો મળી આવ્યાનો આક્ષેપ, આચાર્ય સામે પોલીસ ફરિયાદ



આણંદ,તા.૧૭

આણંદના સોજિત્રા તાલુકાની લીંબાલી પ્રાથમિક શાળામાં આચાર્યની તિજારી અને ટેબલ નીચેથી દારૂની બોટલો મળી આવ્યાનો દાવો કરાતાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં તિજોરીમાંથી આશરે ૫૦ ખાલી અને ટેબલ નીચેથી બે અર્ધભરેલી બોટલો મળી હોવાના અહેવાલ છે. આ ઘટનાનો વિડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. મામલો સામે આવ્યા બાદ શાળાના આચાર્ય સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનો આક્ષેપ કરાયો છે. ઘટના સંદર્ભે સોજિત્રા પોલીસ મથકમાં આચાર્ય સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે વાયરલ વિડિયો અને મળેલા પુરાવાના આધારે તપાસ હાથ ધરી છે. વિદ્યાના ધામમાં આવી સામગ્રી કેવી રીતે પહોંચી તે અંગે વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

# અમદાવાદના સાણંદમાં દીપડાની દહેશત: મોટી દેવકી ગામમાં વન વિભાગે પાંજરા ગોઠવ્યા

અમદાવાદ,તા. ૧૭

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોટી દેવકી ગામમાં દીપડો અને તેનું બચ્ચું દેખાયું હોવાના સ્થાનિકોના દાવા બાદ સમગ્ર વિસ્તારમાં ભારે ચિંતા અને દહેશતનો માહોલ ફેલાયો છે. સ્થાનિકોએ એક કૂતરાનું મારણ થયું હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

ગામલોકોની રજૂઆતને પગલે વન વિભાગની ટીમે તાત્કાલિક સાવચેતીના પગલાં ભરી શંકાસ્પદ વિસ્તારોમાં પાંજરા ગોઠવી દેખરેખ વધારી દીધી છે. જોકે, વન વિભાગ દ્વારા હાલ સુધી દીપડાની હાજરી અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અગાઉ પણ ઘુમા અને ઝુંડાલ-ચાંદખેડા વિસ્તારમાં દીપડા દેખાયાની અફવાઓ ઉડી હતી. વન વિભાગે ગ્રામજનોને રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા તેમજ અફવાઓથી દૂર રહી શંકાસ્પદ પ્રાણી દેખાય તો તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરી છે.

# મહેસાણામાં NOC વગર ૨૫ સિટી બસ દોડતી હોવાનો આક્ષેપ થતા GSRTCએ મનપા પાસે માંગ્યો ખુલાસો



મહેસાણા,તા.૧૭

મહેસાણા મહાનગરપાલિની સિટી બસ સેવા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. જીએસઆરટીસી (GSRTC) ની જરૂરી એનઓસી (NOC) લીધા વિના ૧૫ રૂટ પર આશરે ૨૫ સિટી બસો દોડાવવામાં આવતી હોવાનો આક્ષેપ થયો છે. આ મામલે GSRTC દ્વારા મનપાને લેખિત પત્ર પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે. ઓગસ્ટ ૨૦૨૧ માં શરૂઆતમાં માત્ર ૮ રૂટ માટે મંજૂરી લેવાઈ હતી, પરંતુ મનપા બન્યા બાદ રૂટ વધારીને ૧૫ કરવામાં આવ્યા હતા. GSRTC ના અધિકારી હેતલ પટેલના જણાવ્યા મુજબ, વિદ્યાર્થીઓ અને મુસાફરોને હાલાકી ન પડે તે માટે સેવા ચાલુ રખાઈ છે, પરંતુ એનઓસી અંગે વારંવાર રજૂઆતો કરાઈ છે. જો આ વિવાદ નહીં ઉકેલાય તો બસ સેવા બંધ થવાની અને મુસાફરોની મુશ્કેલી વધવાની ભીતિ છે.